સુવિચાર
અસંભવ ફક્ત એ જ છે, જેની તમે શરૂઆત નથી કરી...

RNI Reg. GUJGUJ/2010/44893
ચોથી જાગીરનો પડકાર
# મુખ્ય સમાચાર
MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com
સાંધ્ય દૈનિક


જામનગરના નાંદુરી ગામે સમાધાન માટે બોલાવી વૃધ્ધની હત્યા કરી શખ્સ ફરાર
P-4

Year-16, Issue-34 ■ DATE : 17-05-2025 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# આ તો ટ્રેલર હતું, પિકચર હજુ બાકી છે?

## પાકિસ્તાનમાં ઓપરેશન સિંદુર પાર્ટ-ટુંનું કાઉન્ટડાઉન?: ૧૮મી મે આવતીકાલની તરીખને લઇને થર થર કાંપી રહ્યું છે પાક.: ભુટ્ટોએ સીઝફાયર તુટવાના આપ્યા સંકેતો




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૦ મેના રોજ યુદ્ધવિરામ થયું હતું પરંતુ છેલ્લા ૨૪ કલાકમાં આપવામાં આવેલા નિવેદનોથી વાતાવરણ ફરી ગરમ થઇ ગયું છે. પાકિસ્તાન સંસદમાં સાંસદોએ ભારત તરફથી નવા હુમલાનો ભય વ્યક્ત કર્યો છે. બિલાવલ ભુટ્ટોએ યુદ્ધવિરામ અંગે મોટો દાવો કર્યો છે, જ્યારે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું કે પીકચર હજુ બાકી છે. આવી સ્થિતિમાં પ્રશ્ન એ ઊભો થાય છે કે શું ફરીથી યુદ્ધવિરામ ભંગ થશે? શું તણાવ ફરી માથું ઉંચકશે? ૧૮ મે વિશે પાકિસ્તાનમાં આટલી બધી ચિંતા કેમ છે? યુદ્ધવિરામની જાહેરાતના પાંચ દિવસ પછી અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ પોતાના નિવેદનથી પાછા હટી રહ્યા છે, પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ, જેઓ ખોટી રીતે પોતાની જીતની ઉજવણી કરી રહ્યા છે, તેમણે અચાનક ભારતને વાતચીતની ઓફર કરી છે, પાકિસ્તાની સંસદસભ્યો ભારત તરફથી નવા હુમલાની આશંકા વ્યક્ત કરી રહ્યા છે, ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે જાહેર કર્યું છે કે પીકચર હજી બાકી છે. ઝડપથી બદલાતી ઘટનાઓએ ચર્ચાઓને વેગ આપ્યો છે.

તો શું ૧૮ મેના રોજ કંઈક મોટું થવાનું છે? એક તરફ પાકિસ્તાનમાં આતંકવાદીઓના ચહેરા પર હવે ઓપરેશન સિંદૂરનો ભય સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે તો બીજી તરફ, ૧૮ મેની તારીખ પાકિસ્તાની સંસદમાં સાંસદોને ડરાવી રહી છે. આ ડર ઓપરેશન સિંદૂર ભાગ-૨ નો છે. પાકિસ્તાની સાંસદ સૈયદ શિબલી ફરાઝે કહ્યું કે તેઓ ખાલી નહીં બેસે...હવે આપણે ખૂબ સાવધ રહેવું પડશે. પાકિસ્તાનના સંસદ સભ્યોએ ખુલ્લેઆમ ભારત તરફથી ફરી એક હુમલાનો ભય વ્યક્ત કર્યો છે. પાકિસ્તાની સાંસદો ડરી ગયા છે અને આ ડર ફક્ત સંસદ પૂરતો મર્યાદિત નથી. પાકિસ્તાની સેનાના રક્ષણ હેઠળ પણ, આતંકવાદના માસ્ટરોને બુલેટપ્રૂફ કાચ પાછળ છુપાઈ રહેવું પડે છે. મતલબ કે, પાકિસ્તાન દુનિયાને બતાવવા માટે ખોટી રીતે વિજયની ઉજવણી કરી રહ્યું છે, દેશના વડા પ્રધાન અને આર્મી ચીફ એક પછી એક લશ્કરી ઠેકાણાઓની મુલાકાત લઈ રહ્યા છે અને વિજયની જાહેરાત કરી રહ્યા છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે પાકિસ્તાન ૧૮ મેની તારીખથી ડરી રહ્યું છે

હકીકતમાં, ભારત અને પાકિસ્તાનના ડીજીએમઓ વચ્ચે ૧૮ મેના રોજ યુદ્ધવિરામ પર ચોથા રાઉન્ડની વાતચીત થવાની છે, પરંતુ વાતચીત પહેલા કંઈક એવું બન્યું જેનાથી ભારત-પાકિસ્તાન અંગે સસ્પેન્સ વધી ગયું. આ સસ્પેન્સનું કારણ અમેરિકન રાષ્ટ્રપતિ દ્વારા યુદ્ધવિરામ પર પોતાનું વલણ બદલવું છે. બિલાવલ ભુટ્ટો યુદ્ધવિરામ પર પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે અચાનક ભારત સાથે વાતચીત કરવા સંમતિ આપી દીધી. તો શું ટ્રમ્પનું નિવેદન પાકિસ્તાનમાં ગભરાટનું કારણ બની ગયું છે? હકીકતમાં, અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે ૧૦ મેના રોજ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જાહેરાત કરી હતી કે તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, પરંતુ ૧૫ મેના રોજ ટ્રમ્પે પોતાનું નિવેદન પાછું ખેંચ્યું અને કહ્યું કે મેં ક્યારેય કહ્યું નથી કે મેં મધ્યસ્થી કરી છે. મેં હમણાં જ ભારત અને પાકિસ્તાનને યુદ્ધવિરામ કરવામાં મદદ કરી.

બિલાવલ ભુટ્ટોના નિવેદનથી ત્રણ વાત સ્પષ્ટ થાય છે. પ્રથમ, પાકિસ્તાનને ડર છે કે યુદ્ધવિરામનો ભંગ થઈ શકે છે. બીજું - પાકિસ્તાનમાં ઓપરેશન સિંદૂરનો ભય છે. ત્રીજું - ભારતની આગામી કાર્યવાહીનો ડર અને પાકિસ્તાનનો પરમાણુ યુદ્ધ તરફનો સંકેત. બિલાવલ ભુટ્ટોએ યુદ્ધવિરામ તોડવાનો સંકેત આપતાની સાથે જ પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝે એક નિવેદન બહાર પાડ્યું જેમાં તેમણે ભારત સાથે વાતચીત શરૂ કરવાની વાત કરી.

ભારતે પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે યુદ્ધવિરામ શાંતિની શરૂઆત નથી પરંતુ માત્ર એક વિરામ છે. જ્યાં સુધી પાકિસ્તાન આતંકવાદ સામે નિર્ણાયક પગલાં નહીં લે, ત્યાં સુધી શાંતિની આશાઓ માત્ર એક ભ્રમણા છે. આવી સ્થિતિમાં, પ્રશ્ન એ ઊભો થાય છે કે શું આતંકવાદીઓને વળતર આપ્યા પછી ફસાયેલા પાકિસ્તાનમાં ઓપરેશન સિંદૂર ભાગ-૨નું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે? શું આગામી નિશાના પર હાફિઝ સઈદ અને મસૂદ અઝહર જેવા ચહેરાઓ છે? શું ટાર્ગેટ-૯ ટ્રેલર હતું અને ટાર્ગેટ-૨૧ એ સંપૂર્ણ ચિત્ર છે. હવે આપણે જાણીએ છીએ કે પાકિસ્તાનના હૃદયમાં યુદ્ધવિરામ ભંગ થવાનો ભય કેમ છે. એક વાત ખૂબ જ નોંધપાત્ર છે, તે એ છે કે ભારત તરફથી વારંવાર કહેવામાં આવી રહ્યું છે કે ઓપરેશન સિંદૂર હજુ સમાપ્ત થયું નથી.

## ભારતનાં મિસાઈલે અમારી કેડ ભાંગી નાખી: શાહબાજ શરીફની કબુલાત



**મુખ્ય સમાચાર, ઈસ્લામાબાદ**

પાકિસ્તાને ઓપરેશન સિંદૂર'ની સફળતાનો સ્વીકાર કર્યો છે. પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે સ્વીકાર્યું છે કે ભારતના જવાબી હુમલામાં તેમના ઘણા એરબેઝ, ખાસ કરીને નૂરખાન એરબેઝ, નાશ પામ્યા છે. પાકિસ્તાનની આ કબૂલાત હવે દુનિયા સામે છે. પાકિસ્તાને કબુલાત કરી છે કે ભારતે અમારા ઘરમાં ઘુસીને અમારી ધોલાઈ કરી છે. અમારા ટાંટીયા ભાંગી નાખ્યા છે.

ભારત સામે ખરાબ રીતે હાર્યા બાદપાકિસ્તાન હવે પોતાનો ઘમંડ ગુમાવી ચૂકયું છે. પાકિસ્તાનના વડા પ્રધાને હવે શાંતિ વિશે વાત કરવાનું શરૂ કર્યું છે. શાહબાઝ શરીફે હવે પાકિસ્તાનને શાંતિપ્રિય દેશ ગણાવ્યું છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન એક શાંતિપ્રિય દેશ છે, પરંતુ તે પોતાનો બચાવ કરવા માટે યોગ્ય જવાબ આપવાનો અધિકાર રાખે છે. શુક્રવારે પાકિસ્તાન સેનાના માનમાં યુમ-એ-તશક્કુર (થેંક્સગિવિંગ ડે) ઉજવવામાં આવી રહ્યો હતો ત્યારે તેમણે આ ટિપ્પણી કરી. આ દરમિયાન તેમણે એ પણ સ્વીકાર્યું કે ભારતીય મિસાઈલો પાકિસ્તાની લશ્કરી ઠેકાણાઓને નિશાન બનાવી રહી હતી. ચાર દિવસના લશ્કરી અવરોધ દરમિયાન ભારત અને પાકિસ્તાને સરહદ પારથી ડ્રોન અને મિસાઈલોથી એકબીજા પર હુમલો કર્યો હતો, ત્યારબાદ બંને પક્ષો ૧૦ મેના રોજ યુદ્ધવિરામ પર સંમત થયા હતા. રેડિયો પાકિસ્તાન અનુસાર, ઈસ્લામાબાદ અને પ્રાંતીય રાજધાનીઓમાં યુમ-એ-તશ્કુર નિમિત્તે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સશષા દળો સાથે એકતા વ્યક્ત કરવા માટે દેશભરમાં રેલીઓ યોજાઈ હતી. આ પ્રસંગે વડા પ્રધાન શાહબાઝ શરીફે ઈસ્લામાબાદમાં વડા પ્રધાન નિવાસસ્થાને રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. આ દરમિયાન, ભારત સાથેના સાત લશ્કરી મુકાબલાનો ઉલ્લેખ કરતા, શાહબાઝે કહ્યું કે પાકિસ્તાન એક શાંતિપ્રિય દેશ છે, પરંતુ તે બચાવમાં જવાબ આપવાનો અધિકાર રાખે છે.

આ દરમિયાન શાહબાઝ શરીફે સ્વીકાર્યું કે ભારતે તેમના સૌથી વ્યૂહાત્મક એરબેઝ નૂર ખાન પર હુમલો કર્યો હતો. તેમણે કહ્યું, ૯-૧૦ મે (મે) ની રાત્રે, આર્મી ચીફ જનરલ અસીમ મુનીરે મને સુરક્ષિત ફોન પર કહ્યું કે ભારતે હમણાં જ તેની બેલિસ્ટિક મિસાઈલો લોન્ચ કરી છે. એક નૂર ખાન એરપોર્ટ પર પડ્યો છે અને કેટલાક અન્ય વિસ્તારોમાં પડ્યા છે. પાકિસ્તાને ઓપરેશન સિંદૂરની સફળતાનો સ્વીકાર કર્યો છે. પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે સ્વીકાર્યું છે કે ભારતના જવાબી હુમલામાં તેમના ઘણા એરબેઝ, ખાસ કરીને નૂરખાન એરબેઝ, નાશ પામ્યા છે. પાકિસ્તાનની આ કબૂલાત હવે દુનિયા સામે છે.

આ એ જ પાકિસ્તાન છે જે ગઈકાલ સુધી કહેતું હતું કે કંઈ થયું નથી અને પોતાના લોકોને મૂર્ખ બનાવીને વિજયની ઉજવણી કરી રહ્યું હતું. હવે એ જ પાકિસ્તાન કહી રહ્યું છે કે નુકસાન થઈ ગયું છે.

શાહબાઝ શરીફનો વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આમાં, તેઓ કહે છે, ૯ અને ૧૦ તારીખની રાત્રે લગભગ ૨:૩૦ વાગ્યે, સિપાહીસલાહાર જનરલ અસીમ મુનીરે મને સુરક્ષિત ફોન પર કહ્યું કે વડા પ્રધાન સાહેબ, ભારતે હમણાં જ તેની બેલિસ્ટિક મિસાઈલો લોન્ચ કરી છે, જેમાંથી એક નૂરખાન એરબેઝ પર પડી છે.

## અરબી સમુદ્રમાં સાયક્લોન સર્જાશે



### હવામાન વિભાગે વરસાદ સાથે વાવાઝોડાની કરી આગાહી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

હવામાન વિભાગની આગાહી પ્રમાણે ગત એક અઠવાડિયાથી વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે અને રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં કમોસમી વરસાદ ખાબક્યો છે. ત્યારે હવામાન વિભાગની આગાહી અનુસાર અરબી એક સાયક્લોનિક સિસ્ટમ સર્જાઇ શકે છે, જેને લઈને આગામી ૭ દિવસ ગુજરાતમાં વરસાદ સાથે વાવાઝોડાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જો વાવાઝોડું ગુજરાત તરફ ફંટાશે તો ભારે પવન સાથે વરસાદનું અનુમાન છે પરંતુ જો અન્ય જગ્યા ફંટાઇ જાય તો પણ ૨૨ મેની આસપાસ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદ વરસી શકે છે. આ ઉપરાંત ઉત્તર પૂર્વ ભારતમાં વાવાઝોડા સાથે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી કરવામાં આવી છે.

આ ઉપરાંત દક્ષિણ ભારતમાં દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, યાનમ, રાયલસીમા, તેલંગાણા, કર્ણાટક, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ અને માહેમાં વાવાઝોડા, વીજળી અને વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે. આજે ૧૭ અને ૧૮મે ૨૦૨૫ના રોજ અમરેલી, રાજકોટ, ભાવનગર, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

## દેશમાં હાઈવે પર ૨૪૦ કિલોવોટની ક્ષમતાના ચાર્જર સ્થાપિત કરવા સરકારની કવાયત

### કેન્દ્ર સરકારે ૨૦૩૦ સુધીમાં ઓછામાં ઓછા ૧ લાખ ચાર્જીંગ સ્ટેશનનું લક્ષ્ય રાખ્યુ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈલેક્ટ્રીક વાહન પર લાંબી યાત્રાએ નિકળતા પહેલા એ વિચારવું પડે છે કે બેટરી પૂરી થવા પર તેને ચાર્જ કેવી રીતે કરશું. ચાર્જીંગ સ્ટેશન મળી પણ ગયુ તો બેટરી ચાર્જ કરવા માટે કલાકો સુધી રાહ કોણ જોશે, આ બધા સવાલોનાં હલ કાઢવા સરકારે તૈયારીઓ શરૂ કરી દીધી છે.

કેન્દ્ર સરકાર હાઈવે એકસપ્રેસ હાઈવે અને બસ સ્ટેશનો પર ઉચ્ચ ક્ષમતાવાળા ચાર્જર લગાવવા જઈ રહી છે. હાઈવે અને એકસપ્રેસ વે પર ૨૪૦ કિલોવોટની ક્ષમતાનાં ચાર્જર સ્થાપિત કરવામાં આવશે. બધી જરૂરી મંજુરી મળ્યા બાદ બાકી સ્ટેશનો પર ૩૬૦ કિલોવોટના ચાર્જર લગાવવામાં આવશે.

જેથી વાહનમાં ઓછા સમયમાં ચાર્જીંગ થઈ શકે. હાલમાં શહેરી વિસ્તારોમાં ૬૦ કિલોવોટના ચાર્જર લગાવવામાં આવી રહ્યા છે. સામાન્ય રીતે ૬૦ કિલોવોટનું ડીસી ચાર્જર એક ઈલેકટ્રીક વાહનને ચાર્જ કરવામાં એક કલાક લગાડે છે.

અધિકારીએ જણાવ્યું હતું કે લોકોને ચાર્જીંગ સ્ટેશન પર રાહ જોવી પડે તો કોણ ઈલેકટ્રીક વાહન ખરીદશે?

દેશમાં સૌથી વધુ ચાર્જીંગ સ્ટેશન ૫૮૭૯ કર્ણાટકમાં છે. ત્યારબાદ મહારાષ્ટ્રમાં ૩૮૪૨ અને ઉતર પ્રદેશમાં ૨૧૧૩ અને દિલ્હીમાં ૧૯૫૧ તેમજ ગુજરાતમાં ૧૦૦૮ ચાર્જીંગ સ્ટેશન છે.

કેન્દ્ર સરકારે ૨૦૩૦ સુધીમાં ઓછામાં ઓછા ૧ લાખ ચાર્જીંગ સ્ટેશનનું લક્ષ્ય રાખ્યુ છે.માર્ગો ઉપરાંત રેલવે સ્ટેશનો, એરપોર્ટ બંદર પર ઈલેકટ્રીક વાહન ચાર્જીંગ સ્ટેશન બનાવવાની યોજના બનાવી છે.

## સોલાર પાવરમાં ગુજરાત નંબર વન: રાજયમાં કુલ હવે ૩૫૧૬૩.૦૬ મેગાવોટ વિજળીની ક્ષમતા મેળવાઈ છે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

તમોને એ કહીએ તો આશ્ચર્ય થશે પણ હવે રાજયના લોકો વિજ કંપનીઓને વિજળી વેચી રહ્યા છે અને પોતાનું વિજ બિલ પણ ઝીરો કરી રહ્યા છે આ વાસ્તવિકતા છે અને તેનુ કારણ રાજયમાં સતત વધતા જતા રીન્યુએબલ પાવર- બિન પરંપરાગત ઉર્જાના ઉપયોગનો છે.

જેમાં સોલાર પાવર નંબર વન છે. હાલમાંજ એક અહેવાલ મુજબ ગુજરાતમાં કુલ હવે ૩૫૧૬૩.૦૬ મેગાવોટ વિજળી એ આ રીતે બિનપરંપરાગત રીતે મેળવાઈ છે અને તે આ પ્રકારની ઉર્જાની સ્થાપીત ક્ષમતામાં નંબર વન બની ગયુ છે. આ સ્થાન તેણે રાજસ્થાન પાસેથી છીનવી લીધુ છે.

કેન્દ્રના ન્યુ એન્ડ રીન્યુએબલ એનર્જીના રિપોર્ટ મુજબ રાજસ્થાનમાં ૩૪૬૧૧.૦૯ મેગાવોટ આ પ્રકારે રીન્યુએબલ એનર્જી છે પણ તે સામે ગુજરાતમાં ૩૫૦૦૦ મેગાવોટથી વધુની ક્ષમતા છે. ત્રીજા ક્રમે તામિલનાડુ અને તે બાદ કર્ણાટક અને મહારાષ્ટ્ર આવે છે.

ગુજરાતમાં નાના હાઈડ્રો પાવરની ક્ષમતા ૧૦૬.૬૪ મેગાવોટ છે અને પવન ઉર્જા વિન્ડ પાવરમાં ૧૩૫૧૪.૬૮ મેગાવોટ- બાયોમાસમાંથી જે બીઆઈઓ પાવર તરીકે ઓળખાય છે. તેના દ્વારા ૧૨૯.૮૫ મેગાવોટ- સોલાર પાવરનો હવે ઘર ઘર સુધી પહોંચી ગયા છે તેની ક્ષમતા સૌથી વધુ ૧૯૪૨૧.૮ મેગાવોટ અને મોટા હાઈડ્રો પાવર ૧૯૯૦ મેગાવોટની છે.

ગુજરાત હવે તેનાથી પણ એક ડગલુ આગળ વધીને ગુજરાત ઉર્જા વિકાસ નિગમ મારફત બેટર એનર્જી સ્ટોરેજ યુનિટ ઉભા કરી રહ્યું છે. જેમાં રિન્યુએબલ ઉર્જાને સ્ટોરેજ પણ કરી શકાશે અને જેમ જેમ તેની માંગ હોય તેમ વર્ષમાં ગમે ત્યારે સપ્લાય કરી શકાશે. ઔદ્યોગીક વિકાસ માટે ઉર્જા સલામતી એ સૌથી મહત્વનું છે.

રાજયમાં વિજકાપ હવે ભૂતકાળ બની ગયું છે. લોડશેડીંગ શબ્દ જ હવે કયાંય સંભળાવશે નહી. ગુજરાતે જે રીતે હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા તે સમયે સોલાર-વિંડ સહિતના પ્રોજેકટને મહત્વ આપી દેશના બીજા રાજય કરતા વહેલી શરૂઆત કરાવી તે આજે ગુજરાતને નંબર વન બનાવી રહ્યા છે.

## મુંબઈ એરપોર્ટથી આઈએસઆઈએસના બે ત્રાસવાદી પકડાતા ખળભળાટ



**મુખ્ય સમાચાર, મુંબઇ**

પહેલગામના ત્રાસવાદી હુમલા તથા ભારત-પાકિસ્તાન વચ્ચે તનાવની સ્થિતિમાં દેશભરમાં એલર્ટ છે ત્યારે આજે મુંબઈ એરપોર્ટથી આઈએસઆઈએસના બે ત્રાસવાદી પકડાતા ખળભળાટ સર્જાયો છે. બન્નેની ઉલટ તપાસ શરુ કરવામાં આવી છે અને કેટલાક ચોંકાવનારા ભેદ ખુલવાની શંકા વ્યક્ત થઈ રહી છે. નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી દ્વારા આઈએસઆઈએસમાં સ્લીપર સેલ રહેલા બે શખ્સોની મુંબઈ એરપોર્ટથી ધરપકડ કરવામાં આવી હતી. ભારતમાંથી આઈએસઆઈએસનો સફાયો કરવાના અભિયાન વચ્ચે બંને પકડાતા મહત્વની સફળતા ગણવામાં આવી રહી છે.

પકડાયેલા બંને શખ્સોની ઓળખ અબ્દુલ્લા ફીયાઝ શેખ અને તલહાખાન તરીકે થઈ છે. તેઓ ઈન્ડોનેશિયાના જાકાર્તામાં છુપાયેલા હતા અને ભારત પરત ફરતા જ એરપોર્ટથી પકડી લેવામાં આવ્યા હતા. નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીએ જાહેર કરેલા સતાવાર નિવેદન પ્રમાણે મહારાષ્ટ્રના પુનામાં બોમ્બ બનાવવા અને તેના પરિક્ષણ કરવાના ૨૦૨૩ના કેસમાં બંને શખ્સો વોન્ટેડ હતા. આઈએસઆઈએસના નેટવર્કમાં સ્લીપર સેલ તરીકે કાર્યરત હતા અને ભારતમાં ત્રાસવાદી હુમલો કરવાના ષડયંત્રમાં સંડોવાયેલા હતા. બે વર્ષથી તેઓ નાસી ગયા હતા.

ભારત સરકાર દ્વારા તેમને ભાગેડુ જાહેર કરવામાં આવ્યા હતા. મુંબઈ ખાસ અદાલત દ્વારા બંને વિરુદ્ધ બીન જામીનપાત્ર વોરંટ પણ ઈશ્યુ કરવામાં આવ્યુ હતું અને ત્રણ લાખનું ઈનામ પણ ઘોષિત કરાયુ હતું.

## દેશની આર્થીક રાજધાની મુંબઈમાં ભારે વરસાદથી અનેક પરા વિસ્તારોમાં જળબંબાકાર

### દાદર, બાંદ્રા, પરેલ, કોલાબા, મરીનલાઈન્સ, ભાયખલ્લા જેવા ભાગોમાં પાણી ભરાતા ટ્રાફિકજામ

**મુખ્ય સમાચાર, મુંબઇ**

ભરઉનાળાનાં દિવસોમાં આજે ફરી એક વખત મૂંબઈ સહિત દેશના કેટલાંક ભાગોમાં હવામાન પલટો સર્જાયો હતો અને તોફાની પવન સાથે ભારે વરસાદ થયો હતો. હવામાન વિભાગે આવતા દિવસોમાં અનેક રાજયોમાં ઝંઝાવાત ફુંકાવાનું એલર્ટ જાહેર કર્યું હતું. જયારે રાજસ્થાન, ઉતર પ્રદેશ, માટે હિટવેવનું એલર્ટ જારી કર્યું છે.

દેશના આર્થિક પાટનગર મુંબઈમાં આજે સવારે અચાનક હવામાન પલ્ટો થવા સાથે ભારે વરસાદ ત્રાટકયો હતો. જેને પગલે ઠેકઠેકાણે પાણી ભરાવા સાથે ટ્રાફીક જામનાં દ્રશ્યો સર્જાયા હતા. કોલાબા, મરીન લાઈન્સ, ભાયખલ્લા, પરેલ, લાલબાગ, દાદર તથા બાંદ્રા જેવા પરા વિસ્તારોમાં ધમધોકાર વરસાદ થયો હતો. અંધેરી તથા બોરીવલીમાં પણ હળવો વરસાદ હતો.આકાશમાં કાળા ડીબાંગ વાદળો સાથે અષાઢી માહોલ છવાયો હતો.

ભારે વરસાદ અને અનેક સ્થળોએ જળબંબાકાર છતાં ટ્રેનસેવામાં કોઈ અવરોધ આવ્યો ન હતો.મુંબઈ વેધશાળાએ આજે આખો દિવસ છુટાછવાયો હળવો વરસાદ થતો રહેવાની આગાહી કરી છે.

દરમ્યાન રાષ્ટ્રીય હવામાન વિભાગે દેશના અનેક રાજયોમાં પ્રિમોન્સુન વરસાદ તથા ઝંઝાવાતનું એલર્ટ આપ્યું છે. પૂર્વોતર રાજયોનાં અરૂણાચલપ્રદેશ, આસામ, મેઘાલય, ત્રિપુરા, દક્ષિણ ભારતનાં કેરળ, તામીલનાડુ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા, લક્ષદ્વિપ, પશ્ચિમ ભારતના કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠાવાડ, ઉપરાંત મધ્યપ્રદેશ, વિદર્ભ, બિહાર, છતીસગઢ, તથા કાશ્મીર હિમાચલ પ્રદેશ, ઉતરાખંડ, પંજાબ હરીયાણા, તથા દિલ્હીમાં ઝંઝાવાતી વરસાદની આગાહી કરી છે.

તા.૨૨ મે સુધીની આ આગાહીમાં કેટલાંક ભાગોમાં ૭૦ કીમી સુધીની ઝડપે પવન ફુંકાવાની પણ ચેતવણી જારી કરી છે. જયાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની પણ શકયતા છે.



અનેક રાજયોમાં વરસાદનું ચેતવણી વચ્ચે અમુક રાજયોમાં કાળઝાળ ગરમીની પણ ચેતવણી આપવામાં આવી છે. ઉતરપ્રદેશ, રાજસ્થાનમાં હીટવેવ રહેશે. જયારો ઓડીશા, પશ્ચિમ બંગાળ તથા તટીય આંધ્રપ્રદેશમાં ભેજવાળી આકરી ગરમી પડવાની શકયતા છે.

# મોરબી રોંગ સાઈડમાં ચાલતા ભારે વાહનો વિરુદ્ધ ચેકીંગ ડ્રાઈવમાં ૫૭ હજારનો દંડ વસુલાયો




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં હાઈવે ઉપર રોંગ સાઇડ ચાલતા ભારે વાહન વિરૂધ્ધ જીલ્લા પોલીસ દ્વારા ત્રણ દિવસીય ચેકિંગ ડ્રાઇવ અંતર્ગત માલસમાનને તાળપત્રી ન લગાવેલ, નંબર પ્લેટ ન હોય તેમજ ટ્રાફિક નિયમોનું પાલન ન કરતા વાહનના ચાલકો પાસેથી ૫૭ હજાર દંડ વસુલવામાં આવ્યો હતો.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રીપાઠીના માર્ગદર્શન હેઠળ વાહન અકસ્માતમાં ઘટાડો લાવવા તેમજ ટ્રાફિક નિયમોની સુયોગ્ય અમલવારી કરાવવા માટે વાહન ચેકિંગ ડ્રાઇવ રાખવા આવેલ હતી. જેમાં તા.૧૪ મે થી ૧૬ મે સુધી હાઇવે ઉપર રોંગ સાઇડ ચાલતા ભારે વાહન ચેકિંગ ડ્રાઇવ રાખેલ અને આ ડ્રાઇવ દરમ્યાન જીલ્લાના પોલીસ સ્ટેશન વિસ્તારમાં રોંગ સાઇડ ચાલતા વાહનો તથા વાહનમાં માલ-સામાન ભરેલ હોય અને તાલપત્રી લગાવેલ ન હોય તથા નંબર પ્લેટ વગરના વાહનો વિરૂધ્ધ કડક કાર્યવાહી તેમજ ટ્રાફિક ભંગ કરતા વાહનોના તેવા વાહનો ચાલકો સામે કડક કાર્યવાહી કરવા અંગેની ડ્રાઇવ રાખવામાં આવેલ અને આ ડ્રાઇવ દરમ્યાન કુલ ૮૦૨ વાહનોનું સઘન ચેકિંગ કરી ટ્રાફિક નિયમોનો ભંગ કરતા વાહન ચાલકો વિરૂધ્ધ મોરબી જીલ્લા પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ડ્રાઈવમાં હાઈવે ઉપર ૧૮ ભારે વાહનો રોંગ સાઇડમાં ચાલતા વાહનો ચાલકો સામે કુલ રૂ-૫૭૦૦૦/- દંડ વસુલ કરવામાં આવેલ આ સિવાય નંબર પ્લેટ વગરના ૧૫ વાહન ચાલકો સામે કેસ કરવામાં આવેલ, વાહનમાં માલ-સામાન ભરેલ હોય અને તાલપત્રી લગાવેલ ન હોય તેવા વાહન ચાલકો સામે કુલ ૨૧ કરવામાં આવેલ તથા રોંગ સાઇડ/વધુ ગતીથી ચલાવતા વાહનો વિરૂધ્ધ કલમ-૨૮૧ મુજબ કુલ-૨૦ ગુના રજીસ્ટર કરવામાં આવેલ, અડચણ રૂપ પાર્ક કરેલ વાહનો વિરુદ્ધ કુલ-૩૩ ગુના તેમજ એમવી એક્ટ હેઠળ ૧૬ જેટલા વાહન ડિટેઇન કરવાની કામગીરી હાથ ધરી હતી.

વધુમાં આગામી સમયમાં પણ ઉપરોકત ટ્રાફિક નિયમોનોનુ પાલન કરાવવા માટે તેમજ લોકોની સલામતી અને જીલ્લામાં શાંતીનો માહોલ જળવાઈ રહે તેમજ ટ્રાફિક વ્યવસ્થા અને ટ્રાફિકના નિયમોનુ પાલન કરવા તેમજ શહેરમાં ભારે વાહનો, વન-વે રોડ, એક-બેકી પાર્કિંગ વ્યવસ્થા તેમજ સમયાંતરે પ્રસિધ્ધ કરવામાં આવતા જાહેરનામાઓનુ લોકો પાલન કરે તેવી જીલ્લા પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# મોરબી અને પાટણ જીલ્લાના ત્રણ પ્રોહી. ગુનામાં વોન્ટેડ આરોપી પકડાયો



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી પેરોલ ફર્લો સ્ક્વોડ તથા ક્રાઇમ બ્રાંચ ટીમ દ્વારા મોરબી અને પાટણ જીલ્લાના પોલીસ મથકમાં નોંધાયેલ કુલ ત્રણ પ્રોહી.ગુનામાં નાસતા ફરતા આરોપીને મોરબીની રવિરાજ ચોકડી ખાતેથી દબોચી લઈ હસ્તગત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી પેરોલ ફર્લો સ્ક્વોડ અને ક્રાઇમ બ્રાંચ ટીમને ખાનગીરાહે હકિકત મળેલ કે મોરબી બી ડિવિઝન અને તાલુકા પોલીસ મથક તથા પાટણ જીલ્લા પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળના ગુનાનો આરોપી આરોપી જમાંરામ ઉર્ફે જગારામ જેઠારામ પ્રજાપતી રહે.રાજસ્થાન વાળો હાલે મોરબી રવિરાજ ચોકડી પાસે હોવાની ચોકકસ હકિકત મળેલ હોય જેથી મળેલ હકીકત આધારે તપાસ કરતા, આરોપી જમારામ ઉર્ફે જગમારામ જેઠારામ પ્રજાપતી ઉવ.૩૨ રહે. ગામ તેજીયાવાસ તા. ગુડામાલાણી જી. બાડમેર રાજસ્થાનવાળો ત્યાં મળી આવતા ઉપરોકત ગુનામાં હસ્તગત કરી મોરબી તાલુકા પોલીસ મથક ખાતે સોપવા કાર્યવાહી હાથ ધરેલ છે.

# મોરબી કલેકટર કચેરી ખાતે કરાર આધારિત કાયદા સલાહકારની નિમણૂક કરાશે

### યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ ૩૧ મે સુધીમાં અરજી કરવી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી કલેક્ટર કચેરી ખાતે ૧૧ માસ માટે કરાર આધારિત કાયદા સલાહકારની ૧ જગ્યા (૬૦,૦૦૦ ના માસિક ફિક્સ પગાર સાથે) ઊભી કરવામાં આવી છે. આ જગ્યા તારીખ ૦૧/૦૨/૨૦૨૫ થી વધુ ૧૧ માસ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી છે. જે જગ્યા ઉપર સરકાર દ્વારા ઠરાવેલ બોલીઓ અને શરતો મુજબ નિમણૂક કરવા નિયત લાયકાત ધરાવતા અનુભવી ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. અરજદારની ઉંમર આ જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખના રોજ ૫૦ વર્ષથી વધુ હોવી જોઈશે નહીં. આ અંગેના અરજી પત્રકનો નમુનો લાયકાત તથા અનુભવ અંગે મહેસુલ વિભાગના ઠરાવથી નક્કી કરેલ પરિશિષ્ટ-૧, પરિશિષ્ટ-૨ તથા પરિશિષ્ટ-૩ મોરબી કલેક્ટર કચેરીની વેબસાઈટ https://morbi.gujarat.gov.in તથા https://morbi.nic.in પરથી ડાઉનલોડ કરી મેળવી શકાશે.

રૂબરૂ મુલાકાત અને અનુભવના આધારે તૈયાર કરેલ પસંદગી યાદી મુજબના ઉમેદવારોએ ભાષા સજ્જતા અંગેનું ઠરાવમાં દર્શાવેલ પરિશિષ્ટ-૩ (૧) ડી ની જોગવાઈ મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. અરજદારે સંપૂર્ણ વિગતે ભરેલી અરજી સાથે લાયકાત તથા અનુભવના આધારોની પ્રમાણિત નકલો ઉપરાંત ફી પેટે કલેકટર મોરબીના નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ (નોન રીફંડેબલ) રજૂ કરવાનો રહેશે. આ અરજી સીલબંધ કવરમાં કલેક્ટર કચેરી ,જિલ્લા સેવાસદન, શોભેશ્વર રોડ, મોરબી-૩૬૩૬૪૨ ની રજીસ્ટ્રી શાખામાં તારીખ ૩૧/૦૫/૨૦૨૫ ના સાંજના ૦૬૦૦;કલાક સુધીમાં મળી જાય તે રીતે આર.પી.એ.ડી. અથવા રૂબરૂ મોકલી આપવાની રહેશે. અધુરી વિગતવાળી તેમજ નિયત સમયમર્યાદા બાદ મળેલી અરજીઓ વિચારણામાં લેવામાં આવશે નહીં. સંબંધિત ઉમેદવારોને જ્યારે રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે સ્વખર્ચે તમામ અસલ પ્રમાણપત્રો અને નિયત તારીખ, સમય અને સ્થળે હાજર રહેવાનું રહેશે તેવું મોરબી કલેક્ટર અને જીલ્લા મેજિસ્ટ્રેટની કચેરીની યાદીમાં જણાવ્યું છે.

# મોરબીમાં મહેન્દ્રનગરના નિવાસીઓને પડતી મુશ્કેલીઓની અસરકારક રજૂઆત બાદ મનપા કમિશ્નરે કરી વિસ્તારની મુલાકાત

### જીલ્લા પંચાયતના સભ્ય જાનકીબેન કૈલાની લેખિત રજૂઆત બાદ મહાનગરપાલિકા દ્વારા તાત્કાલિક કામગીરી શરૂ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા પંચાયતના સદસ્ય જાનકીબેન જીજ્ઞેશભાઇ કૈલાએ મહેન્દ્રનગર વિસ્તારમાં પડતી સમસ્યાઓ અંગે કમિશ્નર સ્વપિનલ ખરેને લેખિત રજૂઆત કરી હતી. આ રજૂઆતના પગલે કમિશ્નર તથા ડેપ્યુટી કમિશનર દ્વારા મહેન્દ્રનગરની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. સ્થાનિક આગેવાનો અને ગ્રામજનોની હાજરીમાં વિસ્તારોની સમસ્યાઓની સમીક્ષા કરીને વહેલી તકે નિવારણ માટે ખાતરી આપી આશ્વાસન આપવામાં આવ્યું હતું.

મોરબીના મહેન્દ્રનગર વસાહતમાં રહેનારા રહીશો લાંબા સમયથી અનેક પ્રાથમિક સુવિધા ન મળવાની સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. આ બાબતે મોરબી જીલ્લા પંચાયતના સદસ્ય જાનકીબેન જીજ્ઞેશભાઇ કૈલાએ મહાનગરપાલિકાના કમિશ્નર સ્વપિનલ ખરેને લેખિતમાં રજૂઆત કરી હતી. જાનકીબેનની રજૂઆતને પગલે કમિશ્નર ખરે અને ડેપ્યુટી કમિશનર સોનીએ તાત્કાલિક મહેન્દ્રનગર વિસ્તારની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમ્યાન ગામના આગેવાનો જેમ કે જીજ્ઞેશભાઇ કૈલા, મુકેશભાઇ ગામી, મનસુખભાઇ આદ્રોજા, મનોજભાઇ કાવર, વિરજીભાઇ કાવર, મહેન્દ્રભાઇ, રાજેશભાઇ, દિનકરભાઇ, દિલીપભાઇ ધોરયાણી સહિત અનેક ગ્રામજનો હાજર રહ્યા હતા.

ઉપરોક્ત આગેવાનોની હાજરીમાં વિસ્તારોની સમસ્યાઓનું કમિશ્નરે નિરીક્ષણ તથા સમીક્ષા કરી અને તમામ મુશ્કેલીઓનું વહેલી તકે નિવારણ કરવામાં આવશે તેવુ આશ્વાસન આપ્યું હતું. જાનકીબેન કૈલાની અસરકારક રજૂઆત અને પ્રશાસનના સકારાત્મક પ્રતિસાદ બદલ કમિશ્નર ખરેનો આભાર માનવામાં આવ્યો હતો. મહેન્દ્રનગરના રહીશો દ્વારા પણ આશા વ્યક્ત કરવામાં આવી કે આ કાર્યવાહીથી તેમના વિસ્તારની સમસ્યાઓનો ઝડપી ઉકેલ આવશે.

# મોરબી-માળીયા(મી) હાઇવે ઉપર ટ્રેઇલરમાં માટીની આડમાં બિયરના ૧૧૨ ટીન સાથે ચાલકની અટક






**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં રાજસ્થાનથી માટીની આડમાં વિદેશી દારૂ ઘુસાડવાના મનસૂબા ઉપર મોરબી ક્રાઇમ બ્રાંચ ટીમે પાણી ફેરવી દીધું હતું, જેમાં રાજસ્થાનથી ટ્રક-ટ્રેઇલરમાં સફેદ માટી નીચે છુપાવીને લઈ આવતા કિંગફિશર બિયરના ૧૧૨ ટીન સાથે ટ્રક ટ્રેઇલર ચાલકની અટકાયત કરવામાં આવી છે, આ સાથે ક્રાઇમ બ્રાંચ પોલીસે ટ્રક, બિયરના ટીન, મોબાઇલ સહિત કુલ ૩૦.૧૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

મોરબી ક્રાઇમ બ્રાંચ પોલીસ ટીમને બાતમી મળેલ કે મોરબી-માળીયા(મી) હાઇવે ઉપર મરક્યુના સીરામીક સામે ઉભેલ ટ્રક ટ્રેઇલરમાં માટીની આડમાં વિદેશી દારૂ-બિયરનો જથ્થો ભરેલ છે, જેથી તુરંત ઉપરોક્ત સ્થળે ટીમ સાથે દરોડો પાડતા, ટ્રક ટ્રેઇલર રજી.નં. આરજે-૨૧-જીડી-૦૯૩૦ ની તલાસી લેવામાં આવી હતી, જેમાં સફેદ માટી ભરેલ હોય જે માટી હટાવીને જોતા, તેમાંથી કિંગફિશર બિયરના ૧૧૨ ટીન કિ.રૂ. ૧૨,૯૯૨/-મળી આવ્યા હતા, જેથી ટ્રક ટ્રેઇલર ચાલક આરોપી રાજેન્દ્ર કાનારામભાઈ બાંગળા ઉવ.૩૬ રહે.બીટન તા.મેડતા જી.નાગોર રાજસ્થાન વાળની અટકાયત કરવામાં આવી હતી.

આ સાથે પોલીસે બિયરના ટીનની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાતો ટ્રક-ટ્રેઇલર કિ.રૂ.૩૦ લાખ, એક મોબાઇલ કિ.રૂ.૫,૦૦૦/-સહિત કુલ રૂ.૩૦,૧૭,૯૯૨/-નો મુદ્દામાલ કબ્જે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સમાચાર સંક્ષીપતમાં

### મોરબીના ઉંચી માંડલ ગામે ફેક્ટરીના લેબર ક્વાર્ટરમાં પંખે લટકી શ્રમિકનો આપઘાત

મોરબી તાલુકાના ઉંચી મંડળ ગામે ઓરિન્ડા સીરામીકની મજૂર કોલોનીમાં રહેતા મૂળ ઉત્તરપ્રદેશના મૈનપૂર જિલ્લાના નગલાકુવા ગામનો રહેવાસી અજીતભાઇ રાજપાલસીંહ યાદવ ઉવ.૨૨ એ કોઈ અગમ્ય કારણોસર પોતાની રૂમમાં પંખે મફલર બાંધી ગળેફાંસો ખાઈ લેતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે મોરબી તાલુકા પોલીસે મૃત્યુના બનાવ અંગે પ્રાથમિક વિગતો મેળવી અ. મોતની નોંધ કરી આપઘાત કરવા પાછળના કારનો સહિતની તપાસ શરૂ કરી છે.

### વાંકાનેરના તીથવા ગામે ૩૦ વર્ષીય યુવકનું કોઈ અકળ કારણોસર મૃત્યુ નીપજ્યું

વાંકાનેર તાલુકાના તીથવા ગામે વડસર તળાવ નજીક રહેતા પ્રકાશભાઇ લાખાભાઇ બાર ઉવ-૩૦નું કોઈ કારણોસર મૃત્યુ નીપજયું હતું, ત્યારે પ્રકાશભાઈની લાશ વાંકાનેર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પર હાજર ડોક્ટરે પોલીસને જાણ કરતા, વાંકાનેર તાલુકા પોલીસ ટીમ સ્થળ ઉપર પહોંચી ઇન્કવેસ્ટ પંચનામાં સહિતની કામગીરી હાથ ધરી, મૃત્યુના બનાવ અંગે અ.મોતની એન્ટ્રી કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

### મોરબીના રાજપર રોડ ઉપર પ્લાસ્ટિકની બોટલમાં ૨૦૦મીલી. વિદેશી દારૂ સાથે એક પકડાયો

મોરબી શહેરના શકત શનાળા ગામ નજીક રાજપર રોડ ઉપર સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ઉત્તમ બેકરી નજીકથી આરોપી દિલીપભાઈ હરિભાઈ પાંચોટીયા ઉવ.૪૦ રહે. રવાપર ગામ રાધે હાઈટ્સ એપાર્ટમેન્ટ બ્લોક નં.૨૦૩ વાળાને પ્લાસ્ટિકની બોટલમાં ૨૦૦મીલી. જેટલા વિદેશી દારૂના પ્રવાહી સાથે ઝડપી લેવામાં આવ્યો હતો, આ સાથે પોલીસે ઉપરોક્ત આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### મોરબીના શોભેશ્વર રોડ ઉપર બુટલેગરની ઓરડીમાં દેશી દારૂ બનાવવાની ચાલુ ભઠ્ઠી ઝડપાયી

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે શોભેશ્વર રોડ અવેળાની બાજુમાં બુટલેગર રમેશ ઉર્ફે ધારો ગોપાલભાઈ ટીડાણીની કબ્જાવાળી ઓરડીમાં દરોડો પાડ્યો હતો, ત્યારે પોલીસે ઓરડીમાં દેશી દારૂ બનાવવાની ચાલુ ભઠ્ઠી ઝડપી લીધી હતી, જેમાં પોલીસે સ્થળ ઉપરથી ગરમ દેશી દારૂ ૫ લીટર, ગરમ આથો ૩૦ લીટર તેમજ પત્રનું બકળિયું, ચૂલો, ગેસનો બાટલો સહિતની સાધન સામગ્રી સહિત કુલ કિ.રૂ.૪,૨૦૦/-નો મુદ્દામાલ ઝડપી લેવામાં આવ્યો હતો, પોલીસના દરોડા દરમિયાન આરોપી રમેશભાઈ ઉર્ફે ધારો ગોપાલભાઈ ટીડાણી રહે.મોરબી-૨ ત્રાજપર એસ્સાર પેટ્રોલ પંપ પાછળ વાળો સ્થળ ઉપર હાજર નહિ મળી આવતા તેને ફરાર દર્શાવી આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

### મોરબી બેલા-આમરણ રોડ પર ચણા ભરેલ ટ્રક પલ્ટી મારતા એક મજૂરનું મોત, બેને ઈજા

મોરબી તાલુકાના આમરણ ગામ પાસે એક ચણાથી ભરેલી ટ્રક પલ્ટી ખાઈ જતા ટ્રકના પાછળના ભાગે બેઠેલા મજૂરનું ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે અન્ય બે વ્યક્તિઓને ઇજા પહોંચી હતી. ટ્રકનો ચાલક અકસ્માત બાદ ટ્રક મુકીને નાસી ગયો હતો.

મોરબી તાલુકાના બેલા ગામના વાલીમામદભાઈ ઉમરભાઈ જામ ઉવ. ૪૫એ મોરબી તાલુકા પોલીસ મથકે આપેલી ફરિયાદ મુજબ, તેમના ભાઈ કાદરભાઈ ઉમરભાઈ તેમજ સાહેદ સમીરભાઈ અને અમીતભાઈ તા. ૦૫/૦૫ના રોજ સવારે ચણાથી ભરેલી ટ્રક નં. જીજે-૧૪-ઝેડ-૫૭૭૭ માં સફર કરી રહ્યાં હતા. ટ્રકના ચાલકે પોતાનું વાહન બેફિકરાઈ અને ઝડપભેર ચલાવી આમરણ ગામની ગોલાઈ પાસે આવી, ત્યારે ડ્રાઈવરની ગફલતને કારણે ટ્રક પલ્ટી ગઈ હતી, ટ્રકના પાછળના ભાગે બેઠેલા કાદરભાઈ ચણાની ગુણીઓ નીચે દબાઈ ગયા અને તેમને ગંભીર ઈજાઓ થતાં ઘટના સ્થળે જ મોત નીપજ્યું. જ્યારે સાથે કેબિનમાં બેઠેલા સાહેદ સમીરભાઈને હાથ અને પગમાં ઈજાઓ પહોંચતાં તેમને તાત્કાલિક સારવ-ાર માટે ખસેડવામાં આવ્યા. અકસ્માત બાદ ટ્રક ચાલક સ્થળે ઉપરથી ફરાર થઈ ગયો હતો.

### ઔદ્યોગિક તાલીમ સંસ્થા, લોધિકા ખાતે પ્રવેશ પ્રક્રીયાનો પ્રારંભ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, લોધિકા(ખિરસરા) સરનામુ મુ. ખિરસરા,ચીભડા ચોકડી, કાલાવડ રોડ, રાજકોટ, ફોન નં. ૦૨૮૨૭ ૨૯૯૫૬૬ ખાતે લઘુત્મ લાયકાત ધો.૧૦ પાસ માટે કોમ્પ્યુટર કોપા, મીકે.ડીઝલ, ફીટર, ઈલેક્ટ્રિશ્યન અને બ્યુટી પાર્લર તથા લઘુતમ લાયકાત ધો.૦૮ પાસ માટે સીવણ અને વાયરમેન જેવા રોજગારલક્ષી કોર્ષ માટે પ્રવેશ મેળવવા માટેના ફોર્મ ભરવાની કાર્યવાહી ઓનલાઈન શરૂ થઇ ગયેલછે, આથી રસ ધરાવતા ઉમેદવારોએ સવારના ૧૦ કલાક થી સાંજના ૫ કલાક દરમ્યાન સંસ્થા ખાતે સંપર્ક કરવા જણાવવામાં આવે છે. ફોર્મ ભરવા માટે તથા વધુ માહિતી માટે વેબસાઈટ https://itiadmission.gujarat.gov.in/ પર ઉપલબ્ધ છે.

### મોરબી કેરા વિટ્રીફાઇડ કારખાનામાં પગ લપસી પડી જતા માથામાં ઈજાને કારણે શ્રમિકનું મોત

મોરબી નીચી માંડલ ગામ નજીક કેરા વિટ્રીફાઇડ નામના કારખાનામાં માટી વિભાગ ખાતામાં પગ લપસી જતા માથામાં હેમરેજ જેવી ગંભીર ઇજા પહોચતા શ્રમિકનું મૃત્યુ નીપજ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, મોરબી તાલુકાના નીચી માંડલ ગામે કેરા વિટ્રીફાઇડ સીરામીકની લેબર કોલોનીમાં રહેતા મુળ રહે.વઝર ગામજીલ્લો બડવાની રાજ્ય મધ્યપ્રદેશના વતની રીતેશભાઇ ભુવાનસીંગ સોલંકી ઉવ.૧૮ નામના શ્રમિક ગઈ તા.૨૯ એપ્રિલ ના રોજ કેરા વીટ્રીફાઇડ કારખાનાના માટી ખાતામા કામ કરતી વખતે પગ લપસી જતા પડી જવાથી માથામા હેમરેજ જેવી ઈજા થતા તેને મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે સારવારમાં આવતા, જ્યાં ફરજ ઉપર હાજર ડોક્ટરે રીતેશભાઈને જોઈ તપાસી મૃત્યુ ગયા હોવાનું જાહેર કર્યા હતા.

# મોરબી આયુષ હોસ્પિટલમાં ન્યુરો વિભાગ દ્વારા ગરદનની જટીલ સર્જરી સફળતાપૂર્વક સંપન્ન



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીની આયુષ હોસ્પિટલના ન્યુરો વિભાગના ડૉ. પ્રતિક પટેલ દ્વારા જટિલ ઓપરેશન સફળતાપૂર્વક કરી હતી. જેમાં કચ્છના રાપર તાલુકાનો યુવક, કે જે ખેતરમાં પડી જવાને કારણે ગરદનના મણકાની ગાદી ખસી જતા, તેને હાથ-પગ ધ્રુજવા, દુઃખાવો અને સોજાની સમસ્યા સર્જાઈ હતી, ત્યારે સફળ સર્જરી બાદ જે તમામ દુઃખાવામાં દર્દી રાહત અનુભવી રહ્યા છે અને ત્યારે દર્દીએ સ્ટાફ તથા ડોક્ટરોનો આભાર માન્યો હતો.

કચ્છ જીલ્લાના રાપર તાલુકાના રહેવાસી ૩૦ વર્ષનો યુવાન ખેતરમાં કામ દરમ્યાન પડી ગયો હતો. આ દુર્ઘટનાની અસરથી તેમને શરીરમાં અનેક તકલીફો શરૂ થઈ હતી, જેમ કે પગ અને હાથ ધ્રુજવા, હાથમાં ખાલી ચડવી, અને ગરદનમાં સતત દુઃખાવો રહેતો હતો. સ્થાનિકમાં સારવાર લીધા છતાં કોઇ ખાસ રાહત ન મળતાં તેઓ મોરબીની આયુષ હોસ્પિટલ ખાતે આવ્યા હતા. ત્યાં તેમની ન્યુરોલોજિકલ તપાસ અને રિપોર્ટના આધારે જાણવા મળ્યું કે તેમના ગરદનના પાંચમા અને છઠ્ઠા મણકા વચ્ચેની ગાદી ખસી ગઈ હતી, જેના કારણે શરીરના ઉપલા અંગો પર અસરો જોવા મળતી હતી.

આ સ્થિતિમાં આયુષ હોસ્પિટલના ન્યૂરો સર્જન ડૉ. પ્રતિક પટેલે દર્દીની જટિલ સર્જરી કરી હતી. ઓપરેશન સફળતાપૂર્વક કરવામાં આવ્યું અને થોડા જ દિવસોમાં દર્દીને દુઃખાવામાં રાહત અનુભવાઈ રહી છે. જે બાદ દર્દી અને તેમના પરિવારે આયુષ હોસ્પિટલના તમામ ડૉક્ટરો અને સ્ટાફનો દિલથી આભાર માન્યો હતો તથા હોસ્પિટલમાં મળેલી સારવારને ખૂબ જ અસરકારક અને સંતોષકારક ગણાવી હતી.

# માળીયા(મી)ના વાધરવા ગામે નવા બનતા કારખાના પાસે સુતેલ મજૂરો ઉપર ડમ્પર ફરી વળ્યું, એકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના વાધરવા ગામે નિર્માણધીન સિમ્પોલો ઈન્ટરનેશનલ ફેક્ટરીની સાઇટ ઉપર ઝુંપડા બહાર રાત્રે સૂતા મજૂરો ઉપર ડમ્પર ચાલકે ગફલતભરી રીતે વાહન પાછળ લાવતાં ૨૨ વર્ષીય મજૂર સંજયનું મોત થયું હતું, જ્યારે તેનો ભાણેજ દીપકને ઈજા થઈ છે. ત્યારે સમગ્ર અકસ્માતના બનાવ અંગે મૃતકના ભાઈ દીવાન દ્વારા ડમ્પર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મોરબી તાલુકાના વાધરવા ગામની સીમમાં આવેલી સિમપોલો ઇન્ટરનેશનલ પ્રા. લિ. કંપનીની સાઇટ પર મજૂરીકામ માટે આવેલા મૂળ મધ્યપ્રદેશના જાબુઆ જીલ્લાના પીપલખુરા અજીપુરા ગામના વતની દીવાન બેરનાર, તેમના ભાઈ સંજય ઉવ. ૨૨, માતા કાંતિબેન અને ભાણેજ દીપક તોલિયા છેલ્લા ૧૫ દિવસથી કાચા ઝૂંપડામાં રહી ઉપરોક્ત સાઇટ પર મજૂરી કામ કરતા હતા. ત્યારે ગત તા.૧૬/૦૫ની મધ્યરાત્રે લગભગ ૨ વાગ્યે, જ્યારે સંજય, દીવાન અને દીપક ઝૂંપડા સામે બહાર સુતા હતા, ત્યારે એક ડમ્પર રજી.નં. જીજે-૩૬-વી-૯૧૪૨ ના ચાલકે પોતાનું વાહન ગફલતભરી રીતે રિવર્સ લીધું હતું. આ સમયે ડમ્પરનું પાછળનું ટાયર સીધું સંજયના પેટના ભાગે ફરી જતા તેને ગંભીર ઈજા પહોંચી હતી, જ્યારે દીપકના જમણા હાથે પણ મૂંઢ ઈજા થઈ હતી. દુર્ઘટના બાદ તુરંત પરિવારના સભ્યો અને અન્ય મજૂરો દોડી આવ્યા અને તરત ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી બન્ને ઈજાગ્રસ્તોને મોરબી સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ ઉપર હાજર ડોક્ટરે સંજયને જોઈ તપાસી મૃત્યુ પામ્યો હોવાનું જાહેર કર્યું, જ્યારે દીપકને સામાન્ય ઈજા પહોંચી હતી. સમગ્ર અકસ્માત અંગે મૃતકના ભાઈ દિવાનની ફરિયાદને આધારે માળીયા પોલીસે ડમ્પરના ચાલક સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરના કુખ્યાત રજાક સોપારી અને તેના બે સાગ્રીતો સામે છેતરપિંડીની વધુ એક ફરિયાદ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના કુખ્યાત શખ્સ રજાક સોપારી અને તેના સાગરીત સહિત ૩ શખ્સો સામે વધુ એક છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. આરોપીઓ એ પોરબંદરના ટ્રાન્સપોર્ટ ના વ્યવસાય સાથે સંકળાયેલા યુવાનના ભાડા પેટે ટ્રક કાર અને રોકડા રૂપિયા લઈ લીધા બાદ પરત ન આપી વિશ્વાસઘાત કરતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. જે અંગે પોલીસ ઊંડી તપાસ ચલાવી રહી છે.પોરબંદર જિલ્લાના ફટાણા ગામે ગૌશાળા ની બાજુમાં રહેતા અને ટ્રાન્સપોર્ટ ના વ્યવસાય સાથે સંકળાયેલા ગંગાભાઈ ઠેબાભાઈ કોડીયાતર નામના ૩૪ વર્ષીય યુવાને જામનગરના આરોપી રજાક ઉર્ફે સોપારી દાઉદભાઈ ચાવડા, અમીન નોતિયા અને રામ ભિમસી નંદાણીયા સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવાયા અનુસાર આરોપી રજાક ઉર્ફે સોપારી દાઉદભાઈ ચાવડા, અમીન નોતિયા અને રામ ભિમસી નંદાણીયાએ ફરીયાદી ગંગાભાઈ ઠેબાભાઈ કોડીયાતરને પોતાના મોટા મોટા કોન્ટ્રાકટો ચાલુ છે અને તમારા આ ટ્રકો તે કોન્ટ્રકટમાં રાખી દઈશ અને તમોને ભાડા પેટે દરેક ટ્રક એક લાખ જેટલા અપાવીશ. તેવી વાતો કરી હતી. એટલું જ નહિ ટ્રકોનો તમામ મેઈનટેનન્સનો પણ ખર્ચો કરાવી આપશુ.તેવુ કહી વિશ્વાસમાં લીધા હતા બાદમાં ગંગાભાઈ ઠેબાભાઈ કોડીયાતરનેના કુલ ૧૨ ટ્રકો પૈકી ૩ ટ્રકો જી.જે. ૨૫ યુ ૫૯૩૩, જી.જે.૩૬એક્સ ૮૧૩૨ અને જી.જે. ૩૬ એક્સ ૮૧૨૩ અને એક સ્કોર્પિયો જી.જે.૨૫ એએ ૯૧૮૪ ભાડા પેટે લઈ લીધા હતા. જે ના ભાડા અમુક સમય આપ્યા બાદ ટ્રક કબ્જે કરી લીધા હતાં ટ્રક પરત ન આપી છેતરપિંડી કરી હતી. આ ઉપરાંત તેની સાથે હોડી(ટગ ) ના ધંધામા આપેલ રૂપીયા ૧૫,૦૦,૦૦૦ ની અવાર નવાર ઉઘરાણી તેઓ પાસેથી કરતા આરોપીઓએ રૂપિયા પરત આપ્યા ન હતા. એટલું જ નહિ ટ્રકો કે નકિક કરેલ ભાડાની રકમ તેમજ હોડી(ટગ) ના ધંધા મા આપેલ રૂપીયા ૧૫,૦૦,૦૦૦ પણ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરતા અંતે મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. હાલ પોલીસે આરોપી સામે આઈ પી સી કલમ -૪૦૬, ૪૦૭, ૪૨૦, ૧૧૪ મુજબ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સગીરાનું અપહરણ કરવાના ગુન્હામાં સંડોવાયેલો શખ્સ રાજસ્થાનમાંથી ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ગુલાબનગરના એક શખ્સે થોડા દિવસ પહેલાં સગીરાનું અપહરણ કરી લીધા અંગે પંચકોશી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થઈ હતી. પોલીસે તપાસ દરમિયાન આરોપી તથા સગીરાને રાજસ્થાનના બાલોતરા ગામમાંથી ઝડપી લીધા છે.જામનગરના પંચકોશી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ચાલુ વર્ષે એક સગીરાના અપહરણનો ગુન્હો નોંધાયો હતો. જેમાં ગુલાબનગરમાં વસવાટ કરતા હાર્દિક ઉર્ફે ટકો રમેશભાઈ મકવાણા નામના શખ્સની સંડોવણી જાહેર થઈ હતી. પોલીસે ગુન્હો નોંધી તે શખ્સ તથા સગીરાના સગડ દબાવવાનું શરૂ કર્યું હતું. તે દરમિયાન આ બંને વ્યક્તિ રાજસ્થાનના બાલોતરામાં હોવાની બાતમી મળતા પંચકોશી બી ડિવિઝનના પીઆઈ વી.જે. રાઠોડની સૂચનાથી પોલીસ ટીમ બાલોતરા ધસી ગયો હતો. ત્યાંથી આરોપી હાર્દિક મકવાણા અને સગીરા મળી આવતા બંનેને જામનગર ખસેડવામાં આવ્યા છે. પોલીસે તે સગીરાનો કબજો તેના પરિવારને સોંપી આરોપીની ધરપકડ કરી છે.

# જામનગરમાં ધો.૧૦ પછીના ડીપ્લોમાં ઈજનેરી અભ્યાસક્રમોનો કારકિર્દી માર્ગદર્શન સેમીનાર યોજાશે

### તા.૨૦ મે ના રોજ સરકારી પોલીટેકનીક ખાતે આયોજન કરાશે

જામનગરમાં ધોરણ ૧૦ પછી ડિપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમોના પ્રવેશ પ્રક્રિયાની માહિતી અને ડિપ્લોમા ઇજનેરીના વિવિધ અભ્યાસક્રમોના કારકિર્દી માર્ગદર્શન માટેના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમીનાર તારીખ ૨૦/૫/૨૦૨૫ ના રોજ સવારે ૧૧.૦૦ થી ૧.૩૦ કલાકે, સરકારી પોલીટેકનીક, સેમીનાર હોલ,ન્યુ બિલ્ડીંગ,વાલસુરા રોડ,જામનગર ખાતે યોજવામાં આવશે જેમાં સરકારી પોલીટેકનીક જામનગરના તજજ્ઞો માર્ગદર્શન પુરૂ પાડશે. આ સેમિનારનો ઇચ્છુક ઉમેદવારો મહત્તમ ભાગ લે તે માટે સરકારી પોલીટેકનીકના આચાર્યની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

**૧૭- મે વિશ્વ હાઈપરટેન્શન દિવસ**

# ડોક્ટરની સૂચનાઓનું પાલન કરીને બી.પી. સાથે નોર્મલ લાઈફ જીવી શકાય

**દવા ઉપરાંત લાઈફ સ્ટાઈલ મોડીફીકેશન, ડાયટ પ્લાન, ફિઝિકલ એક્ટિવિટી અને હોમ બી.પી. મોનિટરિંગ જરૂરીઃ બ્રેઈનસ્ટોક, હાર્ટએટેક કે કિડની ફેઈલથી બચવા સમયાંતરે બી.પી. તપાસવું જરૂરી**




**મુખ્ય સમાચાર, રાજકોટ**
**ખાસલેખ- જીતેન્દ્ર નિમાવત**

ઘણાં રોગ એવા હોય છે કે જે શરીરમાં પ્રવેશી જાય તે પછી પણ ઘણા કિસ્સાઓમાં દર્દીને ખ્યાલ પણ નથી રહેતો, કેમકે શરૂઆતમાં તેમના કોઈ બાહ્ય લક્ષણો દેખાતા નથી. હાઈ બ્લડપ્રેશર એક આવી જ બીમારી છે.

લોકોમાં હાઈ બ્લડપ્રેશર વિશે જાગૃતિ લાવવા, હાઈ બ્લડપ્રેશરને રોકવા તેમજ તેની તપાસને પ્રોત્સાહન આપવા વિશ્વમાં દર વર્ષે ૧૭ મે ના રોજ ''વિશ્વ હાઈપર ટેન્શન દિવસ'' ઉજવવામાં આવે છે. જેની વર્ષ ૨૦૨૫ ની થીમ છે ''તમારા બ્લડપ્રેશરને સચોટ રીતે માપો, તેને નિયંત્રિત કરો, લાંબુ જીવો.''

એઈમ્સ હોસ્પિટલ રાજકોટનાં ડિપાર્ટમેન્ટ ઓફ મેડિસિનના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ.કોમલ કુમાર જાંગીડે હાઈપર ટેન્શનથી બચવા શું કરવું? તપાસ, નિદાન, નિયમિતતા, ખાનપાન, ફિઝિકલ એક્ટિવિટી વગેરે અંગે જરૂરી સૂચનો કર્યા હતા.

ડૉ.કોમલકુમારએ કહ્યું કે, શહેરી વિસ્તારમાં ૬૦ વર્ષ સુધીના દર ત્રીજી વ્યક્તિને બી.પી. છે, જ્યારે ગ્રામીણ વિસ્તારમાં દર ચોથા કે પાંચમાં વ્યક્તિમાં બી.પી.ની સમસ્યા જોવા મળે છે. ૩૫ વર્ષના તંદુરસ્ત યુવાનોએ પણ વર્ષમાં એક વખત બી.પી. તપાસવું જોઈએ, અને જો પરિવારમાં કોઈને બી.પી. હોય તો ૩૦ વર્ષની વયથી જ નિયમિત તપાસણી કરાવવી જોઈએ. કેમકે બી.પી. સાયલન્ટ કિલર છે. ૧૪૦,૧૫૦ કે ૧૬૦ સુધી બી.પી.માં કોઈ ખ્યાલ નથી રહેતો પણ ધીમે ધીમે આગળ વધે અને શરીરનાં અંગોને નુકસાન કરે છે. ૧૮૦ આસપાસ બી.પી.માં દર્દીને પાછળની બાજુ માથું દુખવું, ચક્કર આવવા, જોવામાં તકલીફ, છાતીમાં દુખાવો કે ગભરાહટ, પરસેવો આવવો વગેરે જેવા લક્ષણ જોવા મળે, જો આમ થાય તો તુરંત દવાખાને જવું જોઈએ.

બી.પી.ની ટ્રીટમેન્ટ ફક્ત દવા નથી, ખાનપાન અને લાઈફ સ્ટાઈલ ખૂબ જ અગત્યનું છે.

દરેક વ્યક્તિએ જમવામાં પરંપરાગત ભોજનનો ઉપયોગ કરવો જોઈએ. લાઈફ સ્ટાઈલ મોડીફીકેશન, ડેશ ડાયટ, ફિઝિકલ એક્ટિવિટી અને હોમ બી.પી. મોનિટરિંગ ખૂબ જ અગત્યનું છે. નમક, અથાણાં, પાપડ, ફાસ્ટફૂડ, તેલ વગેરે શક્ય હોય ત્યાં સુધી ખૂબ જ ઓછું લેવું જોઈએ. ડેશ (Dash) ડાયટ પ્લાનનો અમલ કરવો જોઈએ.

ડૉક્ટર કોમલકુમારે વધુમાં કહ્યું કે, આપણે સદીઓથી જે ખાવાનું ખાઈએ છીએ, જેનાથી આપણું શરીર બંધાયું છે. તે પરંપરાગત ખોરાક જ શક્ય હોય ત્યાં સુધી લેવો જોઈએ. જો બી.પી.ને ઈગ્નોર કરવામાં આવે તો હાર્ટ એટેક, કિડની ફેલ થવી કે બ્રેઈન સ્ટોક વગેરે બીમારીને નિમંત્રણ આપવા બરાબર છે. બી.પી.ને ઈગ્નોર ન કરવું, જેમને બી.પી. હોય તે પણ નોર્મલ લાઈફ જીવી શકે છે. માટે બી.પી. આવે તો ડરવું નહીં તેને મેનેજ કરી શકાય છે. ડોક્ટર પાસે રેગ્યુલર તપાસની સાથે સાથે ઘરે સાધન ખરીદી હોમ બી.પી. મોનિટરિંગ કરવું જરૂરી છે. ઉપરાંત નિયમિત કસરત તેમજ દરરોજ ૪૫ મિનિટ ચાલવું, યોગાસન કરવા તેમજ ડોક્ટરની સલાહ મુજબ નિયમિત ચેકઅપ અને દવા ખૂબ જ જરૂરી છે તેમ જણાવ્યું હતું.



# કલેક્ટરના અધ્યક્ષસ્થાને નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કલેક્ટર પ્રભવ જોશીનાં અધ્યક્ષસ્થાને રાજકોટ શહેર-જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક કલેક્ટર કચેરી ખાતે યોજાઇ હતી. બેઠકમાં કલેક્ટરશ્રીએ પુરવઠા વિભાગની વિવિધ યોજનાઓની સમીક્ષા કરી હતી તેમજ સાંસદ સહિતનાં પદાધિકારીઓ દ્વારા અન્ન વિતરણ, ગ્રાહક સુરક્ષા બાબતે રજૂ કરાયેલા પ્રશ્નોનું નિરાકરણ કરવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

બેઠકમાં જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ અનાજ અને પુરવઠો ગ્રાહકો સુધી સમયસર અને પૂરતા પ્રમાણમાં પહોંચતો રહે, વ્યાજબી ભાવની દુકાનો દ્વારા અનાજ વિતરણ નિયમિત રીતે થાય, નિયમિત દુકાનોની તપાસ કરવી, વિવિધ વિસ્તારોમાં ''વન નેશન-વન રેશન''ના કેમ્પ યોજવા સહિતની બાબતો અંગે માર્ગદર્શન આપ્યું હતું.

આ તકે સાંસદ રામભાઈ મોકરીયાએ અધિકારીઓ તેમજ સમિતિના સભ્યોને રાશનની દુકાનોમાં નિયમિત રીતે સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવા સુચન કર્યું હતું. મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય દર્શિતાબેન શાહ તેમજ રમેશભાઈ ટીલાળાએ ઈ.કે.વાય.સી., શરૂ તેમજ બંધ દુકાનો વિશે વિસ્તૃત વિગત મેળવી જરૂરી કાર્યવાહી કરવા સુચના આપી હતી.

જિલ્લા પુરવઠા અધિકારી રાજેશ્રીબેન વંગવાણી દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી જિલ્લામાં 'વન નેશન વન રેશન કાર્ડ' થકી થતા અનાજ વિતરણની વિગતો, ઘઉં, ચોખા, ખાંડ સહિતના પુરવઠાનું વિતરણ, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અન્વયે થયેલી કામગીરી અંગેની માહિતી આપવામાં આવી હતી. બેઠકમાં પદાધિકારીઓ, અધિકારીઓ સહિત સમિતિના સભ્યઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે જસદણમાં રૂ.૩૨૯ લાખના વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત

**શહેરમાં આશરે રૂ. ૧.૨૨ કરોડના સી.સી.રોડના કામો થશે રૂ.૫૯ લાખના ખર્ચે વોટર પ્લાન્ટનું રિનોવેશન કરાશે**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યના પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ આજે જસદણમાં રોડ, પાણી તેમજ નગરજનોની સુખાકારી માટે રૂપિયા ૩૨૯ લાખના વિવિધ વિકાસકામોના ખાતમુહૂર્ત કર્યા હતા.

આ અવસરે શિવનગર સોસાયટી ખાતે જનસભાને સંબોધતા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ કહ્યું હતું કે, જસદણ નગર પાલિકાના નાગરિકોની સુખાકારી માટે આજે વિવિધ વિસ્તારોમાં પીવાના પાણી, રોડ રસ્તા તેમજ ભૂગર્ભ ગટર સહિતની પ્રાથમિક સુવિધાના રૂ. ૩૨ લાખના કામોના ખાતમુહૂર્ત કરાયા છે. બાકી રહેતા વિસ્તારોમાં ખૂટતી સુવિધાના કામો પણ વહેલાસર હાથ ધરવામાં આવશે. પાલિકામાં ઘરે ઘરે પીવાનું પાણી મળે તે માટે 'નલ સે જલ' યોજના હેઠળ કામો ચાલી રહ્યા છે. આગામી દિવસોમાં પણ વિકાસના વિવિધ કામો ચાલુ રહેશે તેવી ખાતરી પણ તેમણે આપી હતી.

આ તકે પાલિકાના ચીફ ઓફિસર રાજુભાઈ શેખએ સ્વાગત પ્રવચન કરતા કહ્યું હતું કે, આજની સામાન્ય સભામાં નગરમાં રૂ. ૧૦ કરોડથી વધુની રકમના કામોનું આયોજન કરવામાં આવ્યું છે.

આજે મંત્રી શ્રી કુંવરજીભાઈએ અહીંના જીલેશ્વર પાર્ક ખાતેથી શહેરને પાણી પૂરું પાડતા વોટર ફિલ્ટરેશન પ્લાન્ટના રિનોવેશન અને બે વર્ષના ઓપરેશન અને મેઈન્ટેનન્સના રૂ. ૫૯.૬૧ લાખના કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ સાથે જુદા જુદા વિસ્તારોમાં પીવીસી પાઈપલાઈનના રૂ. ૧૮.૮૪ લાખના કામો તેમજ જસદણ શહેરના જુદા જુદા ૧૧ વિસ્તારોમાં, રૂ. ૧૨૨ લાખના ખર્ચે સી.સી. રોડના કામોનો પણ આરંભ કરાવ્યો હતો.

અન્ય ખાતમુહૂર્ત કરાયેલા કામોમાં, આલણ સાગર ડેમ પમ્પિંગ સ્ટેશન ફરતે રૂ. ૩૯.૧૮ લાખના કમ્પાઉન્ડ વોલ અને રિટેઈનિંગ વોલ તેમજ સ્ટેશન ફરતે રૂ.૨૩ લાખના ખર્ચે પમ્પિંગ મશીનરીના કામો કરવામાં આવશે. નગર પાલિકાની કચેરીમાં રૂ. ૧૮.૫૭ લાખના ખર્ચે ફર્નિચરની કામગીરી કરવામાં આવશે. નગરમાં વિવિધ વિસ્તારોમાં રૂ. ૧૪ લાખના ખર્ચે એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈનના કામો કરવામાં આવશે. ચુનારા વાડમાં ૮.૨૭ લાખના ખર્ચે પીવાના પાણીની પાઈપની કામગીરી કરવામાં આવશે. આ સાથે રૂ.૪.૯૬ લાખના ખર્ચે જુદા જુદા વિસ્તારોમાં સ્ટોર્મ વોટર લાઈન નાખવાના કામો થશે. અહીંના આટકોટ રોડ પર આવેલી સોલિટર સોસાયટીમાં રૂ. ૩.૦૮ લાખના ખર્ચે મહિલાઓ માટે સ્નાન ઘાટ બનાવવામાં આવશે.

આ અવસરે જસદણ પાલિકા પ્રમુખ જીતેન્દ્ર છાયાણી, ઉપ પ્રમુખ હિતેશભાઈ થડેશ્વર, કારોબારી ચેરમેન કાજલબેન ધોડકિયા, અગ્રણી સોનલબેન વસાણી, અગ્રણી વિજયભાઈ તથા સંકેત રામાણી, પાલિકાના સદસ્યો, નગરજનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને જિલ્લા પ્રવાસન સમિતિની બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને જિલ્લા પ્રવાસન સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં હાલ પ્રવાસન સ્થળોના વિકાસ કામોમાં પ્રગતિની વિગત, નવી દરખાસ્તો સહિત પ્રવાસન સ્થળો અંગે કામગીરીની વિગતવાર સમીક્ષા હાથ ધરાઈ હતી.

જેમાં ઘેલા સોમનાથ મહાદેવ મંદિરની કામગીરી અંગેની વિગતો રજૂ કરવામાં આવી હતી. આ ઉપરાંત દરબારગઢ, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર-રામોદ, શેમળી નદી પર રિવરફ્રન્ટ બનાવવા સહિત જિલ્લામાં પ્રવાસન સ્થળોની કામગીરી અંગે કલેક્ટરશ્રીએ અધિકારીઓ પાસેથી જરૂરી વિગતો મેળવી હતી. આ ઉપરાંત મુરલી મનોહર મંદિર ધોરાજી, માનકેશ્વર મહાદેવ મંદિર વીરપુર, લીલાખામાં ભાદર ડેમ સાઈટની આજુબાજુના વિસ્તારનો વિકાસ કરવા, વેરી ડેમ પાસે ગાર્ડન બનાવવા, વિલેઝ રિસોર્ટ એટ પાટણવાવ સહિત નવી દરખાસ્તો અંગે પણ સમીક્ષા કરાઈ હતી.

# અજાણી લાશના વાલી-વારસને પોલીસ સ્ટેશને સંપર્ક કરવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના ગોંડલ શહેરના કોલેજ ચોકથી તુલસી બાગના રસ્તા પર તા.૧૨ મે ૨૦૨૫ના રોજ રાત્રીના ૨૦૦૫ કલાક પહેલા આશરે ૩૫ વર્ષીય અજાણ્યા પુરુષની લાશ મળી હતી.

મૃતક દેખાવે શ્યામવર્ણા તેમજ તેના ડાબા હાથે MONA.KSC ત્રોંફાવેલ છે.

તેમણે શરીરે બ્રાઉન કલરનું ટીશર્ટ તથા બ્લુ કલરનું જીન્સ પેન્ટ પહેરેલ છે. મૃતકના વાલી-વારસને સીટી બી. ડિવિઝન પોલીસ સ્ટેશન ગોંડલનો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ શહેરમાં યોજાનારી ગુજરાત હાઈકોર્ટની પરીક્ષા અંગે પ્રતિબંધાત્મક આદેશો જાહેર કરાયા

**પરીક્ષા કેન્દ્રોના કંપાઉન્ડની ચારે બાજુની ત્રિજયાના ૧૦૦ મીટરના વિસ્તારમાં અનધિકૃત વ્યકિતઓ એકત્રિત થઈ શકશે નહીં**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી દ્વારા તા.૧૮/૦૫/૨૦૨૫ના રોજ સવારે ૯ કલાકથી સાંજના ૭ કલાક સુધી ગુજરાત હાઈકોર્ટ-૨૦૨૪ની લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટ શહેરમાં વિવિધ શાળાઓ-કોલેજો ખાતે કુલ ૧૨ કેન્દ્રોમાં યોજાનારી આ પરીક્ષા શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય, પરીક્ષાની કાર્યવાહીમાં કોઈપણ જાતની રૂકાવટ ન આવે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, તે માટે રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા દ્વારા પ્રતિબંધાત્મક આદેશો જાહેર કરવામાં આવ્યા છે.

જે મુજબ તા.૧૮/૦૫/૨૦૨૫ના રોજ સવારે ૯ કલાકથી સાંજના ૭ કલાક સુધી પરીક્ષા કેન્દ્રોના કંપાઉન્ડની ચારે બાજુની ત્રિજયાના ૧૦૦ મીટરના વિસ્તારમાં અનધિકૃત વ્યકિતઓ એકત્રિત થઈ શકશે નહીં. પરીક્ષા કેન્દ્રોની આજુબાજુની ૧૦૦ મીટરની ત્રિજયામાં સ્ટેશનરી, વેપારીઓ, શાળા સંચાલકોને ઝેરોક્ષ મશીન ચાલુ રાખવાની મનાઈ છે. શાળાઓની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઇ વ્યકિત વાહનો લાવશે નહીં કે શાળાઓમાં વાહનો લઈ જઈ શકશે નહીં. પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓ ભેગા થશે નહી. પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓએ પ્રશ્ન પત્રને લગતું સાહિત્ય, પુસ્તક, ગાઈડ, ચાર્ટ, મોબાઈલ ફોન, ટેબ્લેટ, આઈ-પેડ, સ્માર્ટ વોચ સહિતના ડીજીટલ ઉપકરણો પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડમાં લઇ જવા નહિ તેમજ સુપરવાઈઝરોએ પણ મોબાઈલ ફોન લઇ જવા નહિ. પરીક્ષા કેન્દ્રોના સ્થળ સંચાલક, સુપરવાઇઝર (ખંડ નિરીક્ષકો), સરકારી પ્રતિનિધિ અને વર્ગ-૪ના કર્મચારીઓએ ચોકસાઇપુર્વકનું ઓળખકાર્ડ સાથે રાખવાનું રહેશે અને સબંધિતોએ ઓળખકાર્ડ પહેરવાનું રહેશે. ઓળખકાર્ડ સિવાયની કોઇપણ વ્યકિત પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરી શકશે નહીં. પરીક્ષા કેન્દ્રોની આજુબાજુની ૧૦૦ મીટરની ત્રિજયામાં લાઉડ સ્પીકર વગાડી શકાશે નહીં.

આ હુકમમાંથી સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિતઓ, પરીક્ષા કાર્યમાં રોકાયેલી ઓળખપત્ર ધરાવતી વ્યકિતઓ, લગ્નના વરઘોડાને, સ્મશાન યાત્રાને તેમજ ફરજ પરના પોલીસ, એસ.આર.પી., હોમગાર્ડ, જી.આર.ડી.ના અધિકારીઓ તથા જવાનોને મુક્તિ આપવામાં આવી છે. આ જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# મોરબી કલેક્ટર કે.બી. ઝવેરીની અધ્યક્ષતામાં જીલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ; પદાધિકાઓની ઉપસ્થિતિ

**કલેક્ટરે પીવાના પાણી સહિત મૂદ્દે પ્રજાલક્ષી અભિગમ દાખવીને કામગીરી કરવા સૂચના આપી**






**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરીના અધ્યક્ષસ્થાતામાં અને જીલ્લાના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં જીલ્લા સંકલન સહ ફરીયાદ સમિતિની બેઠક જીલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં જીલ્લા વહીવટી તંત્રના વિવિધ વિભાગના આંતરિક પ્રશ્નો તથા જન સુવિધાઓ સંબંધિત જીલ્લાના વિવિધ પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવી હતી. જીલ્લાના તમામ ગામડાઓમાં પૂરતા પ્રમાણમાં નિયમિત પાણી વિતરણ કરવામાં આવે તથા ચોમાસા પૂર્વે રસ્તાઓ પરના ખાડા બુરી પેચવર્ક કરવામાં આવે તે સહિતના મુદ્દે પ્રજાલક્ષી અભિગમ દાખવી કામગીરી કરવા વિવિધ વિભાગોને સૂચના આપવામાં આવી હતી. ઉપરાંત જીલ્લા સંકલન સમિતિના વિવિધ પત્રકો તથા સ્વાગત પોર્ટલ અને પી.જી. પોર્ટલ પરની પેન્ડિંગ અરજીઓની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમા જીલ્લા પંચાયતના પ્રમુખ હંસાબેન પારેઘી, મોરબી-માળિયા ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા, ટંકારા-પડધરી ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, જીલ્લા વિકાસ અધિકારી જે.એસ.પ્રજાપતિ, નિવાસી અધિક કલેક્ટરી એસ.જે. ખાચર, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ, ચીફ ઓફીસરો તથા વહીવટી તંત્રના વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ મનપા તંત્રની લાલીયાવાડીઃ મહાસતીજીના ઉપવાસ બાદ તંત્ર કુંભકર્ણની નીંદ્રામાંથી જાગ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મનપાનાં અધિકારીઓ અને પદાધિકારીઓની બેદરકારીના કારણે શહેરની સ્વચ્છતા વ્યવસ્થાની કથળેલી હાલત ફરી એકવાર સામે આવી છે. ગાંધીગ્રામ વિસ્તારમાં વીતરાગ સોસાયટીમાં વસવાટ કરતા જૈન મહાસતીજી કિરણબાઈ માતાજીને વિસ્તારમાં ફેલાયેલી ગંદકી અને કચરાના કારણે ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ હતી કે મહાસતીજીને સ્વચ્છતા માટે ઉપવાસ ઉપર ઉતરવાની ફરજ પડી હતી. આ ઘટનાએ માત્ર સ્થાનિક રહીશોમાં જ નહીં પરંતુ સમગ્ર શહેરમાં તંત્રની નિષ્ક્રિયતા સામે તીવ્ર રોષ જન્માવ્યો છે. જોકે તેમના ઉપવાસ અંગે જાણ થતાં સ્થાનિક કોર્પોરેટર જીતુભાઇ કાટોડીયા દોડી ગયા હતા. અને તાત્કાલિક સફાઈ કરાવી મહાસતીજીને પારણા કરાવ્યા હતા. અને અધિકારીઓ નિષ્ક્રિય હોવાનો આરોપ લગાવ્યો હતો.



પ્રાપ્ત વિગત મુજબ મહાસતીજી કિરણબાઈ માતાજી છેલ્લા ઘણા સમયથી વીતરાગ સોસાયટીમાં રહીને પોતાની આધ્યાત્મિક સાધના કરી રહ્યા છે. જો કે, તેમના આસપાસના વિસ્તારમાં ફેલાયેલી ગંદકીએ તેમના શાંતિપૂર્ણ જીવનમાં ખલેલ પહોંચાડી હતી. સોસાયટીમાં ઠેર ઠેર કચરાના ઢગલા અને ગંદકીના કારણે મચ્છરો અને અન્ય જીવજંતુઓનો ઉપદ્રવ વધી ગયો હતો, જેના કારણે મહાસતીજી અને અન્ય રહીશોનું સ્વાસ્થ્ય જોખમાયું હતું. ખાસ કરીને અરિહંત એપાર્ટમેન્ટની બાજુમાં આવેલી ગટર ઘણા સમયથી ઉભરાતી હતી અને તેનું ગંદુ પાણી આસપાસના વિસ્તારમાં ફેલાતું રહેતું હતું. દુઃખની વાત એ છે કે મહાસતીજીના આરાધના ભવનના દરવાજા પાસે જ આ ગટરનું ઢાંકણું આવેલું છે, જેના કારણે પરિસ્થિતિ વધુ ખરાબ બની હતી.

આ ગંભીર સમસ્યા અંગે મહાસતીજીએ મનપા તંત્રને વારંવાર જાણ કરી હતી. અને બાદમાં તેઓ ઉપવાસ પર ઉતર્યા હતા. સ્થાનિક કોર્પોરેટર જીતુભાઈ કાટોડિયાએ જણાવ્યું હતું કે મહાસતીજી દ્વારા ઉપવાસ કરવામાં આવ્યા તે પહેલાં પણ ચાર વખત ઓનલાઈન ફરિયાદ નોંધાવવામાં આવી હતી. તેમ છતાં, તંત્ર દ્વારા સમસ્યાનું નિરાકરણ લાવવામાં કોઈ સક્રિયતા દાખવવામાં આવી નહોતી. કહેવામાં આવી રહ્યું છે કે જે તે વિભાગના અધિકારી રજા પર હોવાના કારણે ઓનલાઈન ફરિયાદો પર કોઈ ધ્યાન આપવામાં આવ્યું નહોતું. અધિકારીઓની આ બેદરકારીએ પરિસ્થિતિને વધુ વણસાવી દીધી અને આખરે મહાસતીજીને ઉપવાસનું કઠોર પગલું ભરવાની ફરજ પડી હતી.

# ૧૧ લાખની માગણી અને ચારિત્ર્ય હનન અંગે ક્રિએટર વિરૂધ્ધ ત્રણ ગૂના નોંધાયા

**સોશિયલ મિડીયામાં વાણી વિલાસ કરવો ભારે પડયોઃ સમજાવટ કરવા ગયેલા આગેવાનો પાસે ખંડણી માગી**

**મુખ્ય સમાચાર, ગોંડલ**

સોશિયલ મીડિયામાં વિડીયો મૂકતા ભાવિન ઉર્ફે બન્ની ગજેરાએ તાજેતરમાં જ ગોંડલ તાલુકા ભાજપ પ્રમુખ અને ઉપપ્રમુખને તેમના જ મિત્રની પત્ની સાથે અનૈતિક સંબંધ હોવાનો એક વિડીયો વાયરલ કર્યો હતો. બાદમાં આવા વિડીયો નહિ બનાવવા સમજાવટ કરવા જતાં બન્નીએ રૂ. ૧૧ લાખની માંગણી કર્યા મામલે સુલતાનપુર, ગોંડલ તાલુકા અને જેતપુર તાલુકા પોલીસમાં અલગ અલગ ત્રણ ગુના નોંધાયા છે.

ગોંડલ તાલુકા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ છગનભાઈ ઠુંમરે સુલતાનપુર પોલીસમાં અને ઉપપ્રમુખ વિશાલભાઈ ભીખાભાઈ ખુંટએ ગોંડલ

તાલુકા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત ૧૮ એપ્રિલના રોજ તેમણે જેતપુરનાં મોટા ગુંદાળા રહેતા ભાવિન ઉર્ફે બન્ની ગોરધનભાઈ ગજેરાએ તેના ફેસબુક એકાઉન્ટ પર એક વિડીયો પોસ્ટ કરેલ હતો. જે મામલે અશ્વિન ઠુંમર અને વિશાલ ખૂંટએ ચારિત્ર પર સવાલ કરી પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવા બદલ ફરિયાદ નોંધાવી હતી.

જયારે અતુલકુમાર વિનોદરાય માવાણી નામના સાડીના વેપારીએ રૂ. ૧૧ લાખની ખંડણી અને ધમકી અંગે જેતપુર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. મામલામાં ત્રણ અલગ અલગ ગુના દાખલ થતાં પોલીસે ભાવિન ઉર્ફે બન્ની ગજેરાની શોધખોળ શરૂ કરીછે.

# કર્મજ્ઞાનનો અભ્યાસ જ ખુશીનો સાચો માર્ગ છેઃ ડો. રાજીવ મીશ્રા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કર્મજ્ઞાનના અભ્યાસ વડે જીંદગીની દરેક ક્ષણ મોજ લાગે છે. પરંતુ આ કર્મજ્ઞાનના અભાવને કારણે વ્યકિતનું જીવન હતાસા અને નિરાસાની ગર્તામાં ધકેલાય છે. આ માટે કર્મજ્ઞાનનો અભ્યાસ નિયમીત જરૂરી છે. આ વાત કર્મયોગી ડો.રાજીવ મીશ્રાએ કરી હતી. શહેરના ઈવનીંગ પોસ્ટ, જયુબેલીબાગ, રાજકોટ ડીસ્ટ્રીક્ટ બેંક પાસે દર રવિવાર અને બુધવારે સવારે ૭:૪૦થી ૮:૨૦ દરમ્યાન કર્મજ્ઞાન પર ડો. મીશ્રા દ્વારા ચાલતા નિશુલ્ક સેમિનારને સાંભળી જીવનમાં ઉતારવા શહેરીજનોને કર્મયોગ મંદિર દ્વારા અપીલ કરાઇ છે. આવતીકાલે આ કર્મજ્ઞાનના લેકચરની શ્રેણીમાં 'ખુશ નસીબ તે વ્યકિત નથી કે જેનું ભાગ્ય સારૂ છે પરંતુ ખુશ નસીબ તે વ્યકિત છે તે જે કર્મજ્ઞાન સમજી લગાતાર પોતાને પ્રારબ્ધના સંઘર્ષમાં પણ હર્ષથી જીંદગી પસાર કરે છે.' વધુ વિગત તેમજ કર્મજ્ઞાન ગ્રુપમાં જોડાવા કર્મયોગી ડો. રાજીવ મીશ્રા વોટ્સઅપ નંબર-૮૫૧૧૮ ૨૯૦૦૨નો સંપર્ક કરવો.



# જામજોધપુરના યુવા પત્રકાર વિજયભાઈ બગડાનો આજે જન્મદિવસ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર જામજોધપુરના યુવા પત્રકાર વિજયભાઈ બગડા નો આજે જન્મદિવસ છે તારીખ ૧૭/૫/૧૯૮૮ ના જન્મેલા વિજયભાઈ બગડા છેલ્લા ઘણા સમયથી પ્રેસ મીડિયા સાથે સંકળાયેલા છે વિજયભાઈ બગડા આજે પત્રકારત્વ ક્ષેત્રે સારી એવી નામના ધરાવે છે તેમજ પત્રકાર એકતા પરિષદ ના તાલુકા પ્રમુખ છે આજે તેમના જન્મદિવસ નિમિત્તે તેમના સગા સંબંધીઓ શુભેચ્છા સ્નેહીજનો અને મિત્રો વર્તુળ તરફથી તેમના પર જન્મદિવસ શુભેચ્છા નો ધોધ વરસી રહ્યો છે વિજયભાઈ બગડા ને મુખ્ય સમાચાર તરફથી જન્મદિવસની ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે તેમના મોબાઈલ નંબર ૯૬૬૨૬૩૨૭૩૫ પર શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# વૉકાર્ડ હોસ્પિટલના કર્મચારીનો આજીડેમના બગીચામાં ઝેરી દવા પી આપઘાત

### યુનિવર્સિટી રોડ પર શિલ્પન આઈકોન બિલ્ડિંગના બેઝમેન્ટમાં પરણિતાનો ફાંસો ખાઈ આપઘાત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ રોડ વોકહાર્ટ હોસ્પિટલમાં નોકરી કરતા યુવકે આજીડેમ પાસે બગીચામાં ઝેરી દવા પી લેતા સારવારમાં મોત નિપજ્યું હતું. જ્યારે બીજા બનાવમાં યુનિવર્સિટી રોડ પર શિલ્પન આઇકોન બિલ્ડિગના બેઝમેન્ટમાં નેપાળી પરણિતાએ ફાંસો ખાઈ લેતા પરિવારમાં ઘેરો શોક છવાયો હતો.

આ અંગેની મળતી માહિતી મુજબ, મવડી વિસ્તારમાં આવેલી માટેલ સોસાયટીમાં રહેતા ભાવિન કિશોરભાઈ ગોહેલ ઉ.૩૪ વર્ષના યુવકે સવારે આજીડેમ પાસે બગીચામાં ઝેરી દવા પી લીધી હતી. યુવક બેભાન થઈ જતા અહીં બગીચામાં લટાર મારવા આવેલા લોકોએ તત્કાલિક ૧૦૮ ને તેમજ પરિવારને જાણ કરી યુવકને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો. જ્યાં ટૂંકી સારવારમાં જ યુવકે દમ તોડી દીધો હતો. બનાવની જાણ થતાં આજીડેમ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ હરપાલ સોલંકી સહિતનો સ્ટાફ દોડી આવી જરૂરી કાગળ કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાથમિક તપાસમાં મૃતક ભાવિન ઘરેથી વોકહાર્ટ હોસ્પિટલમાં જવાનું કહીને નિકળ્યો હોય બાદમાં આ પગલું ભરી લીધું હતું. તે બે ભાઈમાં નાનો તેમજ સંતાનમાં બે દીકરી છે. જો કે યુવકે કયા કારણોસર આ પગલું ભર્યું તે સામે ન આવતા પોલીસે તપાસ યથાવત રાખી છે. યુવકના મોતથી પરિવારમાં ઘેરો શોક છવાઈ ગયો હતો.

અન્ય એક બનાવમાં યુનિવર્સિટી રોડ પર આવેલ શિલ્પન આઇકોન એપાર્ટમેન્ટમાં નીચે બેઝમેન્ટમાં ઓરડીમાં રહેતી દીપાબેન હરિભાઈ શાહી ઉ.૩૦ વર્ષ નામની નેપાળી પરણિતાએ બપોરે પંખામાં ચુંદડી બાંધીને ગળાફાંસો ખાઈ લીધો હોય જે અંગે જાણ થતાં ૧૦૮ની ટીમ બનાવ સ્થળે પહોંચી જોઈ તપાસી પરિણીતાને મૃત જાહેર કરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક દીપાબેનેને બે સંતાન હોય જે વતન નેપાળમાં રહે છે. ત્યારે યુનિવર્સિટી પોલીસે મોતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.વૉકાર્ડ હોસ્પિટલના કર્મચારીનો આજીડેમના બગીચામાં ઝેરી દવા પી આપઘાત કર્યો.

# લોધીકા ગ્રામ પંચાયતના મહિલા સરપંચને સસ્પેન્ડ કરતા ડીડીઓ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોધીકા ગ્રામ પંચાયતના મહિલા સરપંચે ગામ તળના પ્લોટની સતા-બહાર હરરાજી કરી નાખતા હોદા પરથી જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સસ્પેન્ડ કરી નાખતા ખળભળાટ મચી ગયો છે. જિલ્લા પંચાયત કચેરી દ્વારા કરાયેલા ઠરાવમાં જણાવ્યા મુજબ લોધીકા ગ્રામ પંચાયતના મહિલા સરપંચ સુધાબેન કિશોરભાઈ વસોયાએ સતાનો દુરપયોગ કરી અને સતામા નહી આવતા હોવા છતાં પણ લોધીકાના ચાંદલીનાકા વિસ્તારમાં આવેલ જૂના ગામતળના પ્લોટ નં. ૭એ, ૭બી, ૭સી, ૮એ, ૮બી, ૮સી, ૮ડી, ૮ઈ, ૮એફ, ૧૦એ, ૧૧એ, અને થોરડી રોડ પર આવેલ નવા ગામતળના પ્લોટ નં. ૬/૧, ૬/૨, એમ કુલ ૧૪ જેટલા પ્લોટની ૨૮/ ૧૧/૨૦૨૩માં હરાજી



કરી નાખવામાં આવી હતી. આ બાબતની અરજી મુકેશભાઈ પરસોતમભાઈ કમાણી દ્વારા કરવામાં આવી હતી. રાજકોટ જિલ્લાના વિકાસ અધિકારી દ્વારા સસ્પેન્ડ કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

જે હુકમ સામે મહિલા સરપંચ દ્વારા ઉચ્ચ કક્ષાએ અરજી કરતા વિકાસ કિંમશનર દ્વયારા સસ્પેન્ડના ઓર્ડર પર સ્ટે મુકી અને મહિલા સસ્પેન્ડને સાંભળવા માટે સુચના કરતા જિલ્લાપંચાયત દ્વારા રજૂઆતની તક આપવામાં આવી હતી. જેમાં મહિલા સરપંચની રજૂઆતને સાંભળ્યા બાદ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા હોદા પરથી દૂર કરવાનો ઓર્ડર કરવામાં આવતા સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચી ગયો છે. મહિલા સરપંચને તાલુકા વિકાસ અધિકારી દ્વારા નોટીસ આપવામાં આવી હતી.

# પોપટપરાના હિસ્ટ્રીશીટરનું ગેરકાયદેસર મકાન તોડી પડાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં લીસ્ટેડ ગુનેગારોની ગેરકાયદેસર મિલકતો ઉપર પોલીસ મહાનગરપાલિકાને સાથે રાખી ડિમોલીશ કરી રહી છે ત્યારે શહેરના રેલનગર પોપટપરામાં રહેતા કુખ્યાત શખ્સ અજય પરસોંડાના ગેરકાયદેસર મકાનનું ડિમોલીશન કરવા પ્ર.નગર પોલીસ, કાઈમ બ્રાંચ અને પીજીવીસીએલ તથા મહાનગરપાલિકાની ટીમ તૈનાત થઈ છે.

ચોરી, મારામારી સહિતના અનેક ગુનામાં સંડોવાયેલ કુખ્યાત શખ્સના ઘરનું ડિમોલીશન શરૂ કરાયો છે.મુળ ચોટીલાના વતની અને હાલ રેલનગર પોપટપરા શેરી નં.૧૪માં રહેતા અજય માનસિંગભાઈ પરસોંડા સામે દારૂ તેમજ ચીલઝડપ, અપહરણ, રોયોટીંગ સહિતના ગુના નોંધાયેલા હોય અને તે ઘણા લખતથી ફરાર હોય તેને ઝોન-૨ નાસ્તા ફરતાં આરોપીઓને પકડી પાડવા બનાવેલી સ્કસ્કવોર્ડે ઝડપી લીધો હતો.



અજયના ગેરકાયદેસર મિલકતો અંગેની માહિતી મેળવ્યા બાદ તેના ગેરકાયદેસર મિલકતનું ડિમોલીશન કરવાની તજવીજ શરૂ કરવામાં આવી છે. ક્રિષ્ના પાર્ક સામે પોપટપરા-૧૪, કાજલ પાનની પાછળ રહેતાં અજય પરસોંડાએ પોતાના ગેરકાયદેસર ગુનાઓ થકી મિલકતો ઉભી કરી હોય તે અંગે માહિતી મેળવ્યા બાદ આજે પ્ર.નગરના પીઆઈ વી.વી.વસાવા સાથે ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ એમ.કે.મોવલીયા અને તેમની ટીમ પોપટપરા પહોંચી છે. પીજીવીસીએલ અને મહાનગરપાલિકાની ટીમને સાથે રાખી અજયના ગેરકાયદેસર મકાનનું ડિમોલીશન કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. અત્રે એ વાત ઉલ્લેખનીય છે કે અસામાજિક તત્વો સામે કાર્યવાહી કરવા રાજ્ય પોલીસ વડાની સુચના બાદ શહેર પોલીસે આવા લીસ્ટેડ ગુનેગારોની મિલકતોનું ડિમોલીશન કર્યું છે.

# જામનગરના નાંદુરી ગામે સમાધાન માટે બોલાવી વૃધ્ધની હત્યા કરી શખ્સ ફરાર

### ખેતરમાં આવવા-જવાના સંયુક્ત રસ્તે નડતરરૂપ બાવળની ઝાળ કપાવવાની બાબતે ત્રણ દિવસ પૂર્વે થઈ'તી બોલાચાલી

**મુખ્ય સમાચાર, જામનગર**

લાલપુર તાલુકાના નાંદુરી ગામમાં બાજુબાજુમાં આવેલા ખેતરમાં આવવા-જવાના સંયુક્ત રસ્તે નડતરરૂપ ભાવળની ઝાળ કપાવવાની બાબતે ત્રણ દિવસ પહેલાં થયેલા ઝઘડાનો ખાર રાખી રાણાસરની ધાર સીમ વિસ્તારમાં વૃધ્ધ ખેડૂતને સમાધાન માટે બોલાવી શખ્સે ધારદાર સળિયા વડે જીવલેણ હુમલો કરી ખેડૂતની હત્યા નિપજાવ્યાના બનાવમાં પોલીસે તપાસ હાથ ધરી હતી.

આ અંગેની માહિતી મુજબ જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના નાંદુરી ગામમાં આવેલી રાણાધાર સીમ વિસ્તારમાં આવેલા જેતાભાઈ ભીખાભાઈ કરંગીયા



(ઉ.વ.૭૦) નામના વૃધ્ધ ખેડૂતનું ખેતર આવેલું છે. તેમના ખેતરની બાજુમાં ખીમા લખમણ કરંગીયાનું ખેતર આવેલું છે. આ બન્ને ખેતર વચ્ચેના રસ્તામાં આવેલું ભાવળની ઝાડ કાપવાની બાબતે ત્રણ દિવસ પહેલાં

બન્ને વચ્ચે ઝઘડો થયો હતો. ત્યારબાદ ગુરૂવારે સવારે સાડા નવ વાગ્યાના અરસામાં જેતાભાઈ નામના વૃધ્ધને ખીમા લખમણે સમાધાન માટે બોલાવ્યા હતા. તે દરમ્યાન વાતચીત થતાં ખીમા કરંગીયા ઉશ્કેરાઈ ગયો હતો અને નિદામણ કરવાના કામ માટે ઉપયોગમાં લેવાતા ધારદાર સળિયા વડે જેતાભાઈ નામના વૃધ્ધ ઉપર જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલામાં જેતાભાઈને ગંભીર

ઈજા પહોંચતા લોહીલુહાણ હાલતમાં ઢળી પડયા હતા.

ઘવાયેલા વૃધ્ધને ૧૦૮ મારફતે લાલપુરની સરકારી હોસ્પિટલ બાદ વૃધ્ધની હાલત ગંભીર જણાતા જામનગરની જી. જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવારમાં મોત નિપજ્યું હતું. હુમલામાં વૃધ્ધનું મોત નિપજતા બનાવ હત્યામાં પલટાર્યો હતો. આ બનાવ અંગે મૃતકના પુત્ર નગાભાઈ કરંગીયા દ્વારા જાણ કરવામાં આવી હતી. જેના આધારે પીઆઈ કે. એલ. ગળચર તથા સ્ટાફ હોસ્પિટલે પહોંચી ગયો હતો અને વૃધ્ધના મૃતદેશનો કબ્જો સંભાળી પીએમ માટે મોકલી ખીમા લખમણ કરંગીયા વિરૂધ્ધ હત્યાનો ગુનો નોંધી ધરપકડ માટે શોધખોળ આરંભી હતી.

# ગ્રીનલેન્ડ ચોકડી પાસે ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવેલ રાજસ્થાની યુવાનનું સારવારમાં મોત

### પરિવારજનોએ હત્યા થયાની શંકા સાથે આક્ષેપ કરતા લાશનું ફોરેન્સિક પીએમ કરાવાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમા ગ્રીન લેન્ડ ચોકડી પાસેથી ઈજાગ્રસ્ત હાલતમા મળી આવેલા યુવાનનુ સારવારમા મોત નીપજતા તેમના મૃતદેહને સિવીલ હોસ્પીટલે પોસ્ટ મોર્ટમ માટે ખસેડવામા આવ્યો હતો. તેમના શરીરે કોઇએ માર માર્યો હોય તેવા નિશાન જોવા મળ્યા હતા. આ ઘટનામા બી ડીવીઝન પોલીસે મૃતદેહનુ ફોરેન્સીક પોસ્ટ મોર્ટમ કરાવ્યુ હતુ. આ ઘટનામા હાલ અકસ્માતે મોત થયાની એન્ટ્રી નોંધવામા આવી છે. પોસ્ટ મોર્ટમ રીપોર્ટ બાદ કોઇએ માર માર્યાનુ જાણવા મળશે તો હત્યાની કલમ હેઠળ અજાણ્યા શખ્સો વિરુધ્ધ ગુનો નોંધવામા આવશે

આ અંગેની વિગતો મુજબ ગઇ તા. ૧૦- ૫ નાં રોજ બપોરર્નો સમયે રાજકોટ એસટી બસ સ્ટેશન નજી પછી પાસેથી માથાનાં ભાગે ઇજા થયેલી હાલતમા એક અજાણ્યો પુરૂષ (ઉ.વ. અંદાજીત ૩૫) વાળો મળી આવ્યો હતો. તેમને ૧૦૮ મારફતે સિવીલ હોસ્પિટલે ખસેડવામા આવ્યો હતો. ત્યારે એ ડીવીઝન પોલીસ મથકમા એન્ટ્રી પડી હતી. સારવાર ચાલી રહી હતી તે સમયે આ યુવાને માથાના ભાગે ૩ ટાકા આવ્યા હતા.



ડાબા ખભે ફ્રેકચર થયેલુ હતુ. ત્યારે તેમની પાસે મોબાઇલ પણ હતો અને સાંજનાં સમયે સાડા ચારેક વાગ્યે યુવાનને સારૂ થઈ જતા તે હોસ્પીટલમાથી જતો રહયો હતો. આ સમયે સિવીલ હોસ્પીટલનાં ડેસ્ક વિભાગમા કામ કરી રહેલા ચિરાગભાઇ ડાભીએ તપાસ કરતા આ યુવાનનાં ખીસ્સામાથી

આધાર કાર્ડ મળી આવ્યુ હતુ જેમા આ યુવાનનુ નામ કાનારામ મંગારામ મીણા (ઉ.વ. ૩૫) રહે. મુળ રાજસ્થાન અને હાલ રાજકોટ) હોવાનુ જાણવા મળ્યુ હતુ. ત્યારબાદ તા. ૧૨-૫ નાં રોજ કાનારામ મીણા ઈજાગ્રસ્ત હાલતમા ગ્રીન લેન્ડ ચોકડી પાસેથી સવારનાં સમયે મળી આવ્યો હતો. તે સમયે ૧૦૮ મારફતે તેમને સિવીલ હોસ્પીટલે ખસેડવામા આવ્યો હતો. ત્યા તેમની સારવાર ચાલી રહી હતી. તે સમયે પોતે ભાનમા હોય જેથી તેમણે કોઇએ તેમને માર માર્યો હોવાનુ ડોક્ટરને જણાવ્યુ હતુ આ સમયે હેલ્પ ડેસ્કનાં ચીરાગભાઈ ડાભીને કાનારામનાં ખીસ્સામાથી ૪૩૦૦ રૂપીયા મળી આવ્યા હતા અને આધારકાર્ડ પણ મળી આવ્યુ હતુ. કાનારામની સારવાર ચાલુ હતી આ સમયે તેમનુ મોત નીપજતા તેમના મૃતદેહને પીએમ રૂમે ખસેડવામા આવ્યો હતો અને મૃતક પાસેથી મળી આવેલા મોબાઇલ નંબરનાં આધારે તેમના પરીવારજનોને જાણ કરવામા આવતા તેઓ પણ રાજકોટ પહોંચી આવ્યા હતા. કાનારામ બે ભાઈ બે બહેનમા નાનો અને અપરણીત હતો. તેમનાં પિતા હયાત નથી. તેમજ કાનારામ ૧૦ દિવસ પહેલા જ રાજસ્થાનથી રાજકોટ રોજગારી માટે આવ્યો હતો. તેનો મોબાઇલ પણ હાલ મળ્યો નથી. તેમનાં બનેવી કાળુભાઈ મીણાએ આક્ષેપો સાથે જણાવ્યુ હતુ કે તેમના સાળા ।નારામને કોઈએ માર માર્યો છે. અને તેમના શરીરે આ ઈજાનાં નિશાન જોવા મળ્યા છે. હાલ બી ડીવીઝન પોલીસે એડી દાખલ કરી ફોરેન્સીક રીપોર્ટ આવ્યા બાદ ગુનો દાખલ કરશે તેવુ જણાવ્યુ હતું.

# ગુજરાતમાં ક્રાઈમ કુંડળી ધરાવતા ૫૦૦ જેટલા ગુનેગારોના હથીયાર પરવાના રદ કરતું ગૃહ વિભાગ

### જે તે વખતે લાખોના નિવેદ ધરી લાયસન્સ મેળવનાર ગુનેગારોની ફટકડી રદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતમા છેલ્લા કેટલાક વર્ષોથી આડેધડ હથિયાર પરવાનગી લ્હાણી કરાયા બાદ હવે રાજયના ગૃહ વિભાગે ગન લાઈસન્સ લેનાર લોકોની કુંડળીની સમિક્ષા શરૂ કરી ૫૦૦ જેટલા ગન લાઈસન્સ રદ કરી નાખ્યા છે. મળતી માહિતી મુજબ છેલ્લા કેટલાક સમયથી લાઈસન્સ વાળા હથિયારોથી ગુના નોંધાતા ગૃહ વિભાગ દ્વારા લાયસન્સ લેનારાઓની કુંડળીની સમીક્ષા શરૂ કરી જેની સામે ક્રિમિનલ ગુના નોંધાયા હોય તેવા લોકોના હથિયાર લાયસન્સ રદ કરવાનુ શરૂ કરતા આગામી દિવસોમા ઘણા લોકોના નફટાકડીથના લાઇસન્સ રદ થવાની શક્યતા છે. રાજ્યના ગૃહ વિભાગે એકસાથે વર્તમાન ૫૦૦ ગન લાઈસન્સ રદ્દ કર્યા છે. વિગતો મુજબ ગુજરાત સરકારે નવા ગન લાઈસન્સ પર બ્રેક લગાવી છે. ગન લાઈસન્સ બાબતે રાજ્ય સરકાર



ગંભીર વિચારણા શરૂ કરી છે. નોંધનીય છે કે, વર્ષ ૨૦૧૬માં ૬૦,૭૮૪ લાઈસન્સ, વર્ષ ૨૦૨૩માં ૬૭,૩૦૮ ગન લાઈસન્સ ઈત્યું થયા હોવાનુ સામે આવ્યુ છે. આ તરફ હવે રાજ્ય સરકારે ગન લાઈસન્સ સંદર્ભે ગૃહ વિભાગે સમીક્ષા શરૂ કરી છે. આ સાથે નવા લાઈસન્સ પર બ્રેકની સાથે વર્તમાન લાઈસન્સની સમીક્ષા કરાશે. જોકે ગૃહ વિભાગની સમીક્ષા બાદ વધુ ગન લાઈસન્સ રદ્દ થવાની સંભાવના નકારી શકાય નહિ. અનેક કિસ્સાઓમા નીતિ-નિયમો નેવે મુકીને હજારોની સંખ્યામા ગન લાઈસન્સ ઈસ્યુ કરવામા આવ્યા હતા જેનો ઘણા લોકો દુર ઉપયોગ કરતા હોવાનુ પણ સામે આવ્યુ છે.

# હીરાસર એરપોર્ટ બહાર પેસેન્જર મુદ્દે કેબ અને ખાનગી ટેકસી ચાલકો વચ્ચે મારામારી

### બે મહિલા અને એક ચાલક દ્વારા અવારનવાર હેરાનગતિ કરાતી હોવાની પો. કમિશનરને રજુઆત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હિરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ બહાર પેસેન્જર લેવા બાબતે ખાનગી કંપનીના કેબ ચાલકો અને ખાનગી ટ્રાવેલ્સ અને ટેકસી ચાલકો વચ્ચે માથાકુટ ચાલતી હોય અવારનવાર આ મામલે પોલીસમાં અરજી પણ કરવામાં આવે છે. બે દિવસ પૂર્વેની ઘટનાનો વિડિયો વાયરલ થયો ત્યારે આ ઘટનાને લઈને ખાનગી ટેકસી ચાલકો દ્વારા પોલીસ કમિશ્નરને રજૂઆત કરી બે મહિલા અને બઝ-વે કંપનીના ચાલક સામે કાર્યવાહી કરવા પોલીસ કમિશ્નર સમક્ષ માંગ કરવામાં આવી છે. શહેરના મવડી પ્લોટમાં રહેતા જયદીપભાઈ હરેશભાઈ અવાર સહિતના ખાનગી ટ્રાવેલ્સ અને ટેકસીના ડ્રાયવરો દ્વારા પોલીસ કમિશ્નરને કરેલી રજૂઆતમાં બઝ-વે કંપનીના ડ્રાયવર વિક્રમસિંહ



તથા બામણબોરની મહિલા સકુંતલાબેન, પરમીલાબેન રાયજાદાનું નામ આપ્યું છે. ટેકસીમાં મુસાફરો બેસાડવા બાબતે અવાર નવાર ખાનગી કંપનીના કેબ ચાલકો માથાકુટ કરતાં હોય અને આ મામલે અગાઉ કુવાડવા પોલીસ મથકમાં પોલીસ ફરિયાદ કર્યા છતાં આ મામલે કોઈ ચોક્કસ કાર્યવાહી કરવામાં આવતી નહીં હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ટેકસી એસોસીએશન દ્વારા કેબ ચાલકોની દાદાગીરી મામલે પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી નહીં કરવામાં આવતી હોવાનો આક્ષેપ કર્યો હતો. આ મામલે ખાનગી ટ્રાવેલ્સના ચાલકોએ પોલીસ કમિશ્નરને યોગ્ય કાર્યવાહી કરવા માંગ કરી હતી.

# ટ્રકમાંથી બાઈક ઉતારતી વેળાએ રેમ્પ માથે પડતાં યુવકનું મોત

### શીતલ પાર્ક નજીક ઈ-બાઈકના શો રૂમમાં બે દિવસ પૂર્વે નોકરીમાં જોડાયેલા યુવકના મોતથી પરિવારમાં કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૫૦ ફૂટ રીંગ રોડ પર શીતલ પાર્ક પાસે આવેલ ઈ-બાઈકના શો રૂમમાં બે દિવસ પૂર્વે નોકરીમાં જોડાયેલા યુવકનું ટ્રકમાંથી ટુ વ્હીલર ઉતારતી વેળાએ લોખંડનો રેમ્પ માથે પડતાં મોત નિપજ્યું હતું. બનાવથી પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે.

આ અંગેની મળતી માહિતી મુજબ, કોઠારીયા કોલોની માં રહેતો ૨૬ વર્ષીય પાર્થ પ્રવિણસિહ વાળા નામનો યુવક સવારે શીતલ પાર્ક નજીક આવેલ જય ગણેશ એથર બાઈકના શોરૂમમાં નોકરી પર હતો ત્યારે ટ્રકમાંથી ટુ-વ્હીલર ઉતારતી વેળાએ લોખંડનો રેમ્પ યુવકની માથે પડતા ગંભીર ઈજા પહોંચી હતી. તાત્કાલિક 'સાથી કર્મચારીઓ દ્વારા પાર્થને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા અહીં હાજર તબીબે યુવકને મૃત જાહેર



કર્યો હતો તેમ જ બના અંગે પોલીસને જાણ કરાઈ હતી.

ઘટના અંગે જાણ થતા યુનિવર્સિટી પોલીસ પથકના પી.એસ.આઈ બેલીમ સહિતનો સ્ટાફ હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાગળ કાર્યવાહી કરી હતી.વધુમાં મૃતક પર્થ બે ભાઈ એક બહેનમાં મોટો હતો અને હજુ બે દિવસ પૂર્વે જ શો રૂમમાં નોકરી પર લાગ્યો હતો. ત્યારે આધારસ્તંભ યુવાન પુત્રના મોતથી પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે.

# ઉપલેટામાં એસટી બસ ચાલકનો આપઘાતનો પ્રયાસ

### બસ ડેપો મેનેજર ત્રાસ આપતા હોવાનો આક્ષેપઃ સારવારમાં

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

ઉપલેટા એસટી ડેપોમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા સુભાષભાઈ કળસા દ્વારા એસટી ડેપોના મેનેજરના છેલ્લા ઘણા સમયના માનસિક તેમજ વિવિધ ત્રાસ અને હેરાનગતિને કારણે આપઘાતનો પ્રયાસ કર્યો હોવાના આક્ષેપની ઘટના ઉપલેટામાં સામે આવી છે, જેમાં ભોગ બનનાર ડ્રાઈવર દ્વારા જણાવવામાં આવ્યું છે કે ઉપલેટા એસટી બસ ડેપોના મેનેજર રાજેશ ઠુંમર દ્વારા વારંવાર હેરાન પરેશાન કરી તેમને માનસિક હેરાનગતિ તેમજ અન્ય રીતે હેરાન

કરવામાં આવી રહ્યો હતો જેને લઈને એસ.ટી બસના ડ્રાઈવર



સુભાષભાઈ કળસા નામના વ્યક્તિ દ્વારા આપવાત કરવાનો પ્રયાસ કર્યા હતા તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

આ અંગે આપઘાતનો પ્રયાસ કરનાર એસટી બસના ડ્રાઈવર સુભાષભાઈ કળસા છેલ્લા ત્રણ વર્ષ કરતાં પણ વધારે સમયથી ફરજ બજાવે છે જેમાં ઉપલેટા એસટી ભસ ડેપોના ડેપો મેનેજર રાજેશ ઠુંમર દ્વારા છેલ્લા ઘણા સમયથી હેરાન પરેશાન કરવામાં આવતા આ પરેશાની સહન ન થતા આપઘાત માટેનું પગલું ભર્યું હોવાનો આક્ષેપ કર્યો છે. એવા પણ આક્ષેપો થઈ રહ્યા છે કે મેનેજર પર મોટા હાથ હોવાથી ઉચ્ચસ્તરેથી પણ પગલાં લેવાતા નથી.

ઉપલેટાના એસટી ડેપોના ડ્રાઈવર દ્વારા કરવામાં આવેલા આપઘાતના પ્રયાસ અને અગાઉ પણ અનેક વખત વિવાદોમાં અને ક્ષતિઓની બાબતમાં ચર્ચામાં આવેલા ઉપલેટાના એસટી ડેપો મેનેજર રાજેશ ઠુંમર થોડો સમય પહેલા જ એસટી બસનું ટાયર નીકળી જવાની બાબતમાં સસ્પેન્ડ થયેલા હતા. સમગ્ર મામલે સત્ય શું છે એ તપાસનો વિષય બન્યો છે.

# સુરભી ઈન્ડસ્ટ્રીઝ કારખાનામાં દરોડોઃ ૧૭૪ બોટલ વિદેશીદારૂ ઝડપાયો

### એલસીબી ઝોન-૧ના બે દરોડાઃ આજી ડેમ પોલીસે ૮૦ બોટલ દારૂ પકડયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કોઠારીયા રીંગ રોડ રામવન પાસે સુરભી ઈન્ડસ્ટ્રીઝમાં ભાડાના કારખાનામાં દારૂની હેરાફેરી કરતાં શખ્સને ૧૭૪ દારૂની બોટલ સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. આ સાથે જ ત્યાંથી બીજા ત્રણ બાઈક કબજે કરવામાં આવ્યા હતાં. તેમજ કારખાનું ભાડે રાખનાર શખ્સની પણ શોધખોળ કરવામાં આવી રહી છે.

આ અંગેની વિગતો મુજબ, સુરભી ઈન્ડસ્ટ્રીઝ શેરી નં.૩માં મેઘરાજ પટગીરના કારખાનામાં દારૂનો જથ્થો ઉતર્યો હોવાની બાતમીના આધારે એલસીબી ઝોન-૧ના પીએસઆઈ બી.વી.ચુડાસમા, એએસઆઈ મનરૂપગીરી ગોસ્વામી, એ.એસ.આઈ. ભરતભાઈ વાઘેલા, દિવ્યરાજસિંહ જાડેજા, હિતેષભાઈ પરમાર, સતુભા જાડેજા, રવિરાજભાઈ પટગીર અને સ્ટાફે દરોડો પાડી દારૂની હેરાફેરી કરતાં આકાશ ઉર્ફે જીગો ધીરૂભાઈ સાંગાણી (રહે.કોઠારીયા રીંગ રોડ રામપાર્ક)ને પકડી તેની પાસેથી ૧૭૪ બોટલ દારૂ કબજે કરવામાં આવ્યો હતો. તેમજ દારૂ સાથે ત્રણ વાહન પણ જપ્ત કરવામાં આવ્યા હતાં.

તેમજ કારખાનું ભાડે રાખનાર મેઘરાજ કનુભાઈ પટગીરની શોધખોળ કરવામાં આવી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે. જ્યારે બીજા દરોડામાં સરધાર પાસેથી વિશ્વદીપસિંહ ઉર્ફે ભુરો ઈન્દ્રસિંહ જાડેજાને ૨૩ દારૂની બોટલ સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. ત્રીજા દરોડામાં આજી ડેમ પોલીસના પીએસઆઈ જે.જી.રાણા, એએસઆઈ રવિભાઈ વાંક, હારૂનભાઈ ચાનીયા અને કિશનભાઈ બાલાસરા સહિતના સ્ટાફે ઠેબચડા ગામેતી ગોરધન માવજીભાઈ સરવૈયાને પકડી દારૂની ૮૦ બોટલ ભરેલી કાર સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. તેની પુછપરછમાં સાગર ઉર્ફે વિજય ગોરધન સરવૈયાનું નામ ખુલતાં તેમની શોધખોળ હાથ ધરી છે. આરોપી પાસેથી રૂા.૫.૨૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.


## - જાહેર નોટીસ કમ ચેતવણી -

આથી હુ એડવોકેટ રવિ એમ. વાઘેલા આથી મારા અસીલ વિક્રમભાઈ સોરાણી (શિવાજી સેનાના અધ્યક્ષ) તરફથી મળેલ ખાસ સુચના અને ફરમાઈસથી આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને સદર જાહેર નોટીસ ક્રમ ચેતવણી આપીએ છીએ કે મારા અસીલ વિક્રમભાઈ સોરાણી કે જે શિવાજી સેનાના અધ્યક્ષ તથા અખીલ ભારતીય કોળી સમાજ દિલ્હીના રાષ્ટ્રીય યુવા અધ્યક્ષ છે. જેઓએ શિવાજી સૈના ગુજરાત આયોજીત સર્વજ્ઞાતી ૨૬મા સમુહ લગ્ન તા.૨૭/૦૪/૨૦૨૫ ના રોજ ગામ હીરાસર ઈનટરનેશનલ એરપોર્ટ સામે કરાવેલ હતા. તેમાં દાતાઓ તરફથી જે કરીયાવર સ્વરૂપે ભેટ સોગાદો મળેલ હતી તે દાતાઓ દવારા જ દીકરીઓને આપવામા આવેલ હતી. આમ છતા અમોના અસીલના હિત શત્રુ અને તેના મળતીયા દ્વારા પોતાનો બદઈરાદો પાર પાડવા અમોના અસીલના માન મોભાને હાની પહોચે તથા બદનક્ષી થાય તેવા ભ્રામક વિડીયો બનાવી સોશીયલ મીડીયામા અપલોડ કરતા હોય જેથી આ નોટીસ આપી સ્પષ્ટ ચેતવણી આપવામા આવે છે કે જાહેર જનતા કે તેના મળતીયા દ્વારા અમોના અસીલના માન મોભાને હાની પહોચે તથા બદનક્ષી થાય તેવા કોઈપણ પ્રકારના ઓડીયો કે વીડીયો સોશીયલ મીડીયામા પ્રસારીત કરવા નહી તેમજ જે ઓડીયો વીડીયો અપલોડ કરેલ છે તે તાત્કાલીક ડીલીટ કરી મારા અસીલની લેખીત માફી માંગી લેવી જો તેમ કરવામા કસુર કરશો તો મારા અસીલને મળતી કાનુની સલાહ મુજબ લાગતા વળગતા સામે કાયદેસરના પગલા લેવાની ફરજ પડશે. અને તેમાથી નીપજતા તમામ ખર્ચની જવારદારી તેની રહેશે. જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

સ્થળઃ રાજકોટ
તા.૧૬-૦૫-૨૦૨૫

(સહી)
અમારી સુચના અને જાણ અનુસાર

(સહી)
રવિ એમ. વાઘેલા
(એડવોકેટ એન્ડ નોટરી)
તે અમારા અસીલની સુચના અનુસાર